સુવિચાર

શાંતિની ઈચ્છા હોય તો પહેલા ઈચ્છાને જ શાંત કરી દો.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૮/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ PENDAWALA
શ્રાવણ માસ નિમિતે
બનાના મરી વેફર
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ વદ-૧ વર્ષ : ૧૬ અંક : ૨૦૬


## મુરઝાતી મોલાતને પિયત કરવાની મહત્વની કલાકો પસાર થઈ રહી હોય

# અમરેલી જિલ્લામાં વરસાદનાં અભાવે સૌ કોઈ ચિંતિત

**જિલ્લાનાં સૌથી મોટા આર્થિક ક્ષેત્ર ગણાતા કૃષિ ક્ષેત્રમાં વરસાદનાં અભાવે ચિંતા**

**વરસાદ ખેંચાતા તહેવારોનાં દિવસોમાં પણ બજારો સુમસામ બની છે**

**નર્મદાનાં પાણી ખેતરે-ખેતરે પહોંચતા ન હોવાથી ખેડૂતો સતત પાણીની રાહમાં**

**જો કે આગામી દિવસોમાં વરસાદ પડવાની સંભાવના હોય સૌ કોઈમાં આશા જીવંત**





પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૯

અમેલી જિલ્લો એ કૃષિપ્રધાન છે. જિલ્લામાં મોટાભાગનાં રોજગાર ખેતી સાથે પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલ છે. હીરાઉદ્યોગમાં પણ મંદીનો માહોલ છે એકમાત્ર પશુપાલનક્ષેત્ર "અમરડેરી" ના લીધે થોડુ સક્રીય છે બાકી અન્ય કોઈ મોટા ઉદ્યોગો ન હોવાથી મુખ્ય આધાર ખેતી છે અને તેમા ૨૦ દિવસ કરતા વધુ સમયથી વરસાદ ન અવતા ખેતરોમાં તૈયાર થતાં પાક ને પિયત થતુ ન હોય મોંઘુદાટ બિયારણ, ખાતર, દવા અને મહેનત ઉપર વરસાદ ન પડવાથી પાણી ઢોળ થવાની શકયતા વચ્ચે સૌ કોઈ ચિંતિત બન્યા છે.

જિલ્લાનાં ખેડુતો, શ્રમિકો ઉપરાંત જિલ્લાની બજારોમાં પણ વરસાદનાં અભાવે ચિંતાનો માહોલ જોવા મળી રહયો છે. રક્ષાબંધન, જન્માષ્ટમી, સ્વાત્રતંય દિવસ જેવા તહેવારોમાં પણ બજારમાં કોઈ રોનક જોવા મળતી નથી.


એક તરફ કાળઝાળ મોંઘવારી, ભીષણ બેરોજગારી અને હવે વરસાદનો અભાવ સૌ કોઈને ચિંતિત કરી રહયો છે જિલ્લાનુ આર્થિક ક્ષેત્ર માત્ર નોકરીયાત વર્ગ અને સરકારી રીતે ધોરણે થતાં માગર્થ-મકાનનાં કામોનાં આધારે ચાલી રહયુ હોય તેવુ જોવા મળી રહયું છે.

અનુસંધાન પાના ૬ ઉપર

## રીક્ષા ચાલક અગે અનેક તર્ક-વિર્તક વચ્ચે

# બગસરાનાં જેતપુર માર્ગ ઉપર બાઈક અને રિક્ષા વચ્ચે અકસ્માત

**બાઈક સવારને ગંભીર ઈજા પહોંચી**



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૯

બગસરા-જેતપુર રોડ પાણીના ટાંકા પાસે મોટર સાયકલ સાથે રીક્ષા અથડાતા અકસ્માત સર્જાયો જેમા મોટર સાયકલ ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી છે બગસરા ૧૦૮ ની મદદથી એસજી કામળીયા મેમોરીયલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જેમા સારવાર બાદ અમરેલી રીફર કરવામાં આવ્યા હતા રીક્ષા ચાલક પીધેલી હાલતમાં હોય તેના લીધે રીક્ષા બેકાબુ થત આ અકસ્માત સર્જાયો તેવુ આસપાસના લોકોમાં ગણગણાટ જોવા મળ્યો છે. આ બાબતે વધુ તપાસ બગસરા પોલીસ ચલાવી રહી છે.

## રક્ષાબંધનનાં પવિત્ર દિને ૩ યુવકો ઈજાગ્રસ્ત થયા

# બાબરા-ચમારડી માર્ગ ઉપર કાર અને ત્રિપલ સવારી બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો

**૨ ઈજાગ્રસ્તોને અમરેલી અને અન્ય એકને રાજકોટ ખસેડાયા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૯

બાબરામાંરક્ષાબંધનનાપર્વ પર સવારે અહીં તાલુકાના ચમારડી-બાબરાતરફનામાર્ગપરએક કાર અને બાઈક સવાર સાથે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં કારનો બુકડોબોલીગયોહતોઅનેબાઈકસવાર રોડ પર ફંગોળાઈને પડયા હતા જેના કારણે હાથ, પગ અને માથાના ભાગે ઈજાઓ થઈ હતી. અકસ્માતના સમાચાર મળતા ગામના લોકો અને રાહદારીઓનું ટોળું જમા થયું હતું અને તાત્કાલિક અસરથી ૧૦૮ને જાણ કરવામાંઆવતાઈજાગ્રસ્તલોકોનેપ્રથમ બાબરાસારવારઅર્થેલાવવામાંઆવ્યા હતા અને ત્યાંથી વધુ સારવાર માટે અમરેલી અને રાજકોટ સારવાર અર્થે ખસેડવામાંઆવ્યાછે.

આ અકસ્માતની વધુ જાણકારીઅનેલોકોમાંથીમળતીમાહિતી મુજબ લુણકી ગામે રહેતા ત્રણ મિત્રો અલ્પેશભાઈ બોઘાભાઈ મુંધવા (ઉ.વ. ૩૨), રાજેશભાઈ હકાભાઈ પોપટાણી (ઉ.વ. ૩૫)અનેસતિષભાઈ રમેશભાઈ સરવૈયા (ઉ.વ. ૨૮) પોતાના ગામ લુણકીથી સવારે બાઈક માં બાબરા તાલુકાના ધરાઈ ગામે વાછરડી જોવા નીકળ્યા હતા અને ચમારડી ગામ પાસે ગંભીર અકસ્માત કાર સાથે થતા ત્રણેય મિત્રોને હાથ, પગ અને માથાના ભાગે ઈજાઓ થઈ હતી. જેમાં અલ્પેશભાઈ મૂંધવાનેરાજકોટરીફરતેમજસતિષભાઈ સરવૈયા અને રાજેશભાઈ પોપટાણીને અમરેલીસારવારમાટેખસેડવામાંઆવ્યા છે. જોકે બાબરા પોલીસ સ્ટેશનમાં આ અકસ્માત બાબતે હજુ સુધી કોઈ ગુનો નોંધાયો નથી તેમજ કોઈ વિગત આવેલ નથી હાલ પોલીસ તપાસ કરી રહી છે.

## જુદા-જુદા વિસ્તારમાંથી પત્તાપ્રેમીઓ એકત્ર થયા

# વડિયાનાં બાંભણીયા ગામનાં ખેતરનાં મકાનમાં ચાલતા જુગારધામ ઉપર પોલીસ ત્રાટકી

**પોલીસે ૮ પત્તાપ્રેમીઓને ૧.૪ લાખનાં મુદ્દામાલ સાથે ઝડપી લીધા**

અમરેલી, તા. ૯

વડિયાતાલુકાનાબાંભણીયા ગામેરહેતાએકઈસમેપોતાનાખેતરમાં આવેલમકાનમાંઅલગઅલગજગ્યાએ જુગાર રમવા માણસો બોલાવી અને તીનપતીનો હારજીતનો જુગાર રમડતા હોયઅનેપોતેનાળનાપૈસાનાઉઘરાવતો હોય. જેઅંગેનીબાતમીવડિયાપોલીસને મળતાંવડિયાપોલીસેબાતમીવાળા

અનુસંધાન પાના ૬ ઉપર




અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
90,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૯/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ
મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો.૯૬૮૭૦ ૭૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ
એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી
M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુધ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુઃખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

# અમરેલી જિલ્લામાં કેદારીયા મહાદેવ મંદિર પ્રાચીનતા, પ્રકૃતિ અને પરમાત્માનો સંગમ


અમરેલી, તા. ૯

સાવરકુંડલા તાલુકાના જંગલ વિસ્તારમાં આવેલું કેદારીયા મહાદેવ મંદિર આસપાસના વિસ્તારમાં પૌરાણિક શ્રધ્ધાનું અને કુદરતી સૌદર્યનું અનોખું કેન્દ્ર બની રહ્યું છે. આ મંદિર માત્ર ધાર્મિક મહત્તા ધરાવતું સ્થળ નથી, પરંતુ તેની આસપાસની નદી, વોટરફોલ અને જંગલક્ષેત્રના કારણે પ્રાકૃતિક પ્રવાસન માટે પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

કેદારીયા મહાદેવ મંદિર લગભગ ૧૦૦ વર્ષ જૂનું હોવાનું કહેવાય છે. ગામના વડીલોના કહેવા અનુસાર, આ મંદિરનું સ્થાપન પરમ પારંપારિક રીતો અનુસાર થયું હતું. અહીં ભગવાન શિવ ત્રણ શિવલિંગ સ્વરૂપે ગર્ભગૃહમાં ઉપસ્થિત છે. જે લોકોમાં વિશેષ આસ્થા અને ચમત્કારની લાગણી જગાવે છે. એક જ ગર્ભગૃહમાં ત્રણ શિવલિંગ હોવું અત્યંત દુર્લભ માનવામાં આવે છે અને એ મંદિરમાં આવનારા ભક્તો માટે આ એક અદભુત અનુભૂતિ આપે છે.

મંદિર નદીના કિનારે વસેલું છે. આ નદી પર આવેલો પ્રાકૃતિક વોટરફોલ અહીંની વિશેષ ઓળખ છે. વરસાદી ઋતુમાં આ વોટરફોલ પ્રવાહમય થઈ જતો હોય છે. જેના દર્શન કરવા માટે અનેક પ્રવાસીઓ, સ્થાનિકો અને યાત્રાળુઓ અહીંનું રૂખ કરે છે. નદીનું ઠંડું અને સ્વચ્છ પાણી, આસપાસનો જંગલ વિસ્તાર અને શાંત વાતાવરણ સમગ્ર સ્થળને આધ્યાત્મિક શાંતિ આપે છે.

વિશાલભાઈ સોલંકી, જેમના મૂળ રહેઠાણ સાવરકુંડલામાં છે. તેઓ પોતાના પરિવાર સાથે કેદારીયા મહાદેવના દર્શન માટે આવ્યા હતા. તેમનું કહેવું છે કે આ મંદિર અત્યંત પવિત્ર લાગણી આપે છે. નદી કાંઠે વસ્ત્ર બદલીને નાહવાનું પણ લોકો માટે આધ્યાત્મિક અનુભૂતિ આપે છે. તેમને જણાવ્યું કે દરરોજ અહીં ઓછામાં ઓછા ૫૦ લોકો આવતા હોય છે. જેમાં આસપાસના ગામડાના લોકો, કુટુંબ સાથે આવેલ પ્રવાસીઓ અને ધર્મપ્રેમી ભક્તોનો સમાવેશ થાય છે.

કેદારીયા મહાદેવ મંદિર પોતે જ શાંતિપ્રદ ધરતી છે, પરંતુ તેની આસપાસની કુદરત પણ તેને પ્રવાસન માટે શ્રેષ્ઠ બનાવે છે. અહીં આવેલા વોટરફોલનો સંગાથ, નદીમાં થતી વહેણની મધુર ધ્વનિ અને શિવભક્તિનું પવિત્ર વાતાવરણ–આ બધું મળીને આ સ્થળને ઉત્તમ 'વેકશન સ્પોટ' બનાવે છે. ખાસ કરીને ચોમાસાના સમયમાં જયારે અહીંનું સૌદર્ય ચારગણુ વધે છે.

આવતા વર્ષોમાં જો આ સ્થળનો વિકાસ યોગ્ય રીતે કરવામાં આવે, રસ્તા, સૂચનફળકો, આરામગૃહ, ધર્મશાળા, પાણી અને શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓ ઉભી કરવામાં આવે. તો કેદારીયા મહાદેવ મંદિરના દર્શન માટે રાજયભરમાંથી હજારો ભક્તો અને પ્રવાસીઓનું આકર્ષણ વધી શકે છે. લોકલ ગ્રામજનો અને યાત્રાળુઓ પણ ઈચ્છે છે કે સરકાર આ સ્થળને ધાર્મિક–પ્રાકૃતિક તીર્થ તરીકે વિકસાવે.

કેદારીયા મહાદેવ મંદિર માત્ર એક ધાર્મિક સ્થાન નથી, પણ શ્રધ્ધા, શાંતિ અને કુદરતનો સમન્વય છે. આ સ્થળ પરવાર સાથે એક દિવસની યાત્રા માટે કે પછી આધ્યાત્મિક શાંતિ માટે શ્રેષ્ઠ સ્થાન છે. આજે જયારે લોકો પ્રકૃતિથી દૂર થઈ રહ્યા છે. ત્યારે આવા સ્થળો આપણને ફરીથી ધરતી અને દેવતાની નજીક લાવે છે.

# અમરેલી : નિવૃત્ત કસ્ટમ જમાદારનો આજે જન્મદિવસ

અમરેલી, તા. ૯

અમરેલીનાં નિવૃત કસ્ટમ જમાદાર હાજી હુસેનભાઈ ભીખાભાઈ મોગલનો આજે જન્મ દિવસ હોય ત્યારે ડો.એઝાઝ મોગલ તથા અરમાન મોગલે તેમના દાદાને મુબારકબાદી પાઠવેલ તેમજ તેમના નવાસા આફતાબ ખોખર, સરફરાઝ ખોખરે તેમના નાનાં નેં મુબારકબાદી પાઠવી હતી સગા સ્નેહી મિત્રો સંબંધીઓ દ્વારા શુભકામનાઓ પાઠવેલ છે. હાજી હુસેન મોગલ નિવૃત કસ્ટમ જમાદાર હોય પોતાની નોકરીમાં તેમણે ઓખા, મહુવા, જાફરાબાદ, કંડલા બંદર, માધવપુરમાં પોતાની ફરજ ઈમાદારીપૂર્વક નિભાવી હાલ નિવૃતી



જીવન પોતાના પુત્ર જહાંગીરભાઈ મોગલ, સલીમભાઈ મોગલ પરીવાર સાથે આનંદમય રીતે પસાર કરી રહ્યા છે હાજી હુસેન મોગલ વીજપડીનાં પત્રકાર સમીર ખોખરનાં સસરા થાય છે. સમીર ખોખર દ્વારા શુભકામનાઓ પાઠવેલ છે.

# વડિયા ખાતે સ્વાતંત્ર્ય દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી થશે

અમરેલી, તા. ૯

સ્વાતંત્ર્ય પર્વની અમરેલી જિલ્લા કક્ષાની વડીયા ખાતે થશે.

સ્વાતંત્ર્ય પર્વ દિન ઉજવણીના સુચારૂ આયોજન માટે અમરેલી જિલ્લા કલેકટર વિક્લ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સેવાસદન ખાતે બેઠક યોજાઈ હતી.

અમરેલી જિલ્લાની વિવિધ કચેરીઓના અધિકારીઓના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ બેઠકમાં, જિલ્લા કલેકટરએ વિવિધ કચેરીઓને કરવાની થતી જરૂરી વ્યવસ્થાઓ અને કામગીરી બાબતે ઘટતું કરવા સૂચના આપી હતી.

જિલ્લા કક્ષાના કાર્યક્રમની ઉજવણી માટે વડીયાની વિવિધ સરકારી ઈમારતો પર રોશની કરવામાં આવે અને કાર્યક્રમ અગાઉ સઘન સફાઈનું આયોજન કરવું. વડીયા તાલુકા મથકે યોજાનાર યોજાનાર આ કાર્યક્રમમાં, વિવિધ સાંસ્કૃતિક કૃત્તિઓ અને યોગ નિદર્શન માટે જરૂરી સંકલન અને વ્યવસ્થા કરવા જણાવ્યુ હતુ.

કાર્યક્રમ સ્થળની વ્યવસ્થાઓ, મહાનુભાવોને આમંત્રણ, સ્ટેજ, મંડપ વ્યવસ્થા, ફાયર બ્રિગેડ, પોલીસ, આરોગ્યલક્ષી સાધનસામ્રગી, સુવિધાઓ સહિત સંબંધિત કચેરીઓએ કરવાની થતી કામગીરી બાબતે ઘટતું થાય તે જોવા જણાવ્યુ.

બગસરા – વડીયા પ્રાંત અધિકારી કમલેશ નંદાએ સમગ્ર બેઠકનું સંચાલન કર્યુ હતુ. જિલ્લાના વિવિધ અધિકારીઓને તેમણે કરવાની થતી કામગીરીની વિગતો આપી જરૂરી સંકલન કરવા જણાવ્યુ હતુ.

બેઠકમાં, સુપર ન્યૂમરરી આસિસ્ટન્ટ કલેકટર અતુલ સિંઘ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ગોહિલ, માર્ગમકાન રાજયના ઈજનેર હેતસ્વ ધોળ ાવાળા, જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી, યુવા વિકાસ અધિકારી પરમાર, જિલ્લા રમતગમત અધિકારી ફુમકિયા, પોલીસ, પંચાયત, રમતગમત તેમજ જિલ્લાની વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પવિત્ર શ્રાવણી પૂનમનાં દિને

# બગસરા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી

## યજ્ઞોપવિત બદલવા તથા બ્રહ્મચોર્યાસીનું આયોજન કરવામાં આવ્યું




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૯

બગસરા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આજે શ્રાવણી પૂનમ નિમિત્તે જનોઈ બદલવા તથા બ્રહ્મચોર્યાસી સહિતના સમૂહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બગસરા સમસ્ત બ્રહ્મસમાજએ શ્રાવણી પૂનમ તેમજ રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે પ્રમુખ વેણીશંકરભાઈ ધાંધિયા, મંત્રી નંદલાલભાઈ બામટા તેમજ સમસ્ત બ્રહ્મસમાજ કારોબારી સભ્યો દ્વારા બગસરાના બ્રહ્મ પરીવારો માટે સીયારામ ગૌશાળા ખાતે સમૂહ યજ્ઞોપવિત બદલવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બ્રહ્મ યુવાનો તથા વડીલો ઉપસ્થિત રહી પારંપરિક શાસ્ત્રોકત વિધિ મુજબ જનોઈ બદલાવી હતી. આ ઉપરાંત સંજયભાઈ હરિભાઈ વ્યાશ તેમજ નિલેશભાઈ હરિભાઈ વ્યાશના સહયોગથી બગસરાના તમામ બ્રહ્મ પરિવારો માટે બ્રહ્મચોર્યાસીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બગસરા શહેરના તેમજ તાલુકાના તમામ બ્રહ્મ પરિવારો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

નિરાધાર મનોદિવ્યાંગ યુવકને

# અમરેલી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળની કાનુની સહાય મળી

## જરૂરિયાતમંદ પરિવારને નિઃશુલ્ક કાનુની મદદ મળે છે

અમરેલી, તા. ૯

માતાપિતા વિહોણ મનોદિવ્યાંગ યુવકને અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા નિઃશુલ્ક કાયદાકીય મદદ મળી છે. જિલ્લાના ૨૫ વર્ષીય આ યુવકના માતાપિતા બે વર્ષ પહેલા અવસાન પામ્યાં હતા. નિરાધાર યુવકને મળવાપાત્ર રકમ માટે બેંક એકાઉન્ટ વગેરેનો વહીવટ કરવા માટે વાલીની નિમણૂક કરવી જરૂરી હોવાથી યુવકના કુટુંબીજનોએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનો સંપર્ક કર્યો હતો.

આ માટે જરૂરી મદદ મળી રહે તે માટે વકીલ વી.વી. ભટ્ટની નિમણૂક થતાં તેમણે જરૂરી દસ્તાવેજી પુરાવાનો અભ્યાસ કરી, યુવકના જરૂરી દસ્તાવેજો સાથેની અરજી ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં કરી રજૂ કરી હતી અને વાલીની નિમણૂક થાય તે માટે અરજી કરી હતી.

જરૂરી પુરાવા પ્રયાને લઈ કોર્ટ દ્વારા આ અરજી મંજૂર કરવામાં આવી હતી અને વાલીની નિમણૂકનું પ્રમાણપત્ર ઈસ્યૂ કરવામાં આવ્યું હતું.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના માધ્યમથી જઢરિયાતમંદ એવા આ પરિવારને કાનૂની સહાય મળી છે, તેમ અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ફૂલ ટાઈમ સેક્રેટરી આર.વાય. ત્રિવેદીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# જાફરાબાદમાં ખારવા સમાજ દ્વારા દરીયાદેવનું શાસ્ત્રોકત પુજન




અમરેલી, તા. ૯

જાફરાબાદમાં નાળિયેરી પુનમના પાવન અવસરે ખારવા સમાજ ધ્વારા બંદર કાંઠે પરંપરાગત રીતે દરીયાદેવનું પુજન કરવામાં આવ્યું. દરિયા કાંઠે માછીમાર સમાજના મહિલા અને પુરૂષો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. શાસ્ત્રોકત વિધી મુજબ પુજન અર્ચન કરવામાં આવ્યું. જેમાં ખાસ કરીને સમાજની બહેનોએ ભકિતભાવપૂર્વક દરીયાદેવની આરાધના કરી.

પુજન દરમિયાન દરીયાદેવને દુધથી અભિષેક કરવામાં આવ્યો અને ફુલો, નાળિયેર તથા વિવિધ પુજા સામગ્રી અર્પણ કરવામાં આવી. માછીમાર સમાજ માટે દરીયાદેવની પુજા અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. કારણ કે દરિયામાં માછીમાર કરતા લોકોની સુરક્ષા, સમૃદ્ર માછીમારી અને દરિયાઈ આફતોથી રક્ષણ માટે દરિયાદેવની કૃપા જરૂરી માનવામાં આવે છે.

આ પ્રસંગે માછીમાર સમાજના વડીલો અને યુવાનો સાથે બાળકો પણ ઉપસ્થિત રહ્યા હતા. પુજન પછી સમાજના સભ્યોએ પરસ્પર શુભેચ્છા આપી અને સમૂહ ભોજનનું આયોજન પણ કરવામાં આવ્યું. દરિયાઈ જીવન સાથે સંકળાયેલો આ પરંપરાગત તહેવાર જાફરાબાદ ઉત્સાહભેર ઉજવાશે.

# સાવરકુંડલા : શ્રી વીરદાદા જસરાજ સેના દ્વારા પ્રોફેસર કલ્પેશ રાડિયાનું સન્માન




સાવરકુંડલા, તા. ૯

છેલ્લા ૨૦ વર્ષથી સાવરકુંડલા સેવાકીય પ્રવૃતિમાં મોખરે એવી વીરદાદા જસરાજ સેના સાવરકુંડલા એમ્બ્યુલન્સ, મેડિકલ સાધનો, બ્લડ કેમ્પ, દર ગુરૂવારે જલારામ મંદિરએ કઢી ખીચડીનો પ્રસાદ જેવી વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરે છે. આજરોજ સાવરકુંડલાની કાણકીયા કોલેજમાં રાજકોટથી શિફટ થયેલ એકાઉન્ટ વિભાગના પ્રોફેસર કલ્પેશ રાડિયાની મુલાકાત કરી. તેનું જસરાજ સેના ધ્વારા સન્માન કરી શિક્ષણને તેમજ સામાજિક ચર્ચા કરી. આ તકે કોલેજના આચાર્ય ડો. એસ.પી. રવૈયા તેમજ બીજા પ્રોફેસર સાથે મળી ઘણી બધી જુની વાતોના સંભારણા યાદ કર્યા.

આ તકે વીરદાદા જસરાજ સેના સાથે પ્રમુખ હિતેષ સરૈયા, જસાભાઈ સરૈયા, પીન્ટુભાઈ વડેરા, દિનેશ કારિયા (એલઆઈસી), આનંદભાઈ વણઝારા, હાર્દિકભાઈ ખીમાણી, મયુર પોપટ, સાગર કોટક, હાર્દિક રવાણી, પિયુષ મશરૂ વગેરેએ મુલાકાત કરી. પ્રોફેસર કલ્પેશ રાડિયા તેમજ રવૈયાનું સન્માન કર્યુ.

# બગસરાની શાળામાં બેગલેસ ડેની ઉજવણી




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૯

સામાજિક વિજ્ઞાનમાં ધોરણ ૬ થી ૮માં સરકાર તથા સંસદ વિષયાંગ સંદર્ભે બાળકોને લોકશાહી દેશમાં ચૂંટણી તેમજ ચૂંટણીનું મહત્વ સમજાય તે હેતુ સાથે બાળ સંસદનું આયોજન કરવામાં આવેલ. જેમાં ધોરણ ૬ થી ૮માંથી કુલ આઠ ઉમેદવારોની પસંદગી જે તે વર્ગના બાળકો દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ આ બાળકો દ્વારા ઉમેદવારી પત્ર ભરવાની તથા પ્રચાર, પ્રસાર કરવાની પ્રક્રિયા કરવામાં આવેલ. તેમજ મતદારો તરીકે શાળાના ધોરણ ૫ થી ૮ના તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ.

આ સંપૂર્ણ ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન શાળાના બાળકો દ્વારા શાળાના આચાર્ય તેમજ તમામ સ્ટાફના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. જેમાં મતદારોના ઓળખ કાર્ડ બનાવવા તથા ચૂંટણી પ્રક્રિયાનો તમામ સ્ટાફ જેમાં પ્રમુખ અધિકારી, પોલિંગ સ્ટાફ તેમજ સુરક્ષા કર્મિની તમામ ભૂમિકા બાળકો દ્વારા નિભાવવામાં આવી.

આ ચૂંટણી પ્રક્રિયા ડિજિટલ માધ્યમ દ્વારા કરવામાં આવે જેમાં શાળ ાના ટેબલેટમાં વોટીંગ મશીન એપ દ્વારા ઈવીએમ સિસ્ટમથી ચૂંટણી પ્રક્રિયા કરવામાં આવેલ જેમાં બી યુમાં તમામ ઉમેદવારોના નામ સાથેના ફોટા તથા નોટા એમ કુલ ૯ ઉમેદવારો તૈયાર કરેલ. તમામ પ્રક્રિયા બી યુ તથા સી યુ દ્વારા કરવામાં આવેલ. જેમાં સૌપ્રથમ શાળાના આચાર્ય દ્વારા મોકપોલ પ્રક્રિયા કરવામાં આવેલ. અને ત્યારબાદ ક્રમશઃ ધોરણ ૫ થી ૮ના બાળકો દ્વારા મતદાન કરવામાં આવેલ. આમ, શાળાના ૧૨૭ બાળકો દ્વારા મતદાન કરવામાં આવેલ.

મતદાન પ્રક્રિયા પૂર્ણ થતા શાળાના શિક્ષક દ્વારા બીયુને ક્લોઝ કરવાની તમામ પ્રક્રિયાની સમજ આપવામાં આવેલ અને ત્યારબાદ તમામ ઉમેદવાર વચ્ચે પરિણામની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં વિજેતા ઉમેદવારને મતદારોએ વધાવી લીધો હતો. આમ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થઈ હતી.

# લીલીયામોટા : કોલેજ ખાતે દેવભાષા સંસ્કૃત સપ્તાહ મહોત્સવની વિદ્વતાભરી ઉજવણી




લીલીયા, તા. ૯

લીલીયા મોટાની સરકારી વિનયન અને વાણિજય કોલેજ લીલીયાના પ્રિન્સિપાલ ડો. રાજેન્દ્રસિંહ રાઠોડ (GES Class1)ની અધ્યક્ષતામાં સંસ્કૃત સપ્તાહોત્સવની ઉજવણી અંતર્ગત શ્લોકપઠન અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબરે કોલેજના વિદ્યાર્થીની કુ. ઉગમણા પૂર્ણિમા, બીજા નંબરે કુ.અવની રાણપરીયા અને ત્રીજા નંબરે કુ.નિધિ પાથર આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃતના મુ.અધ્યાપક ડો.સંજય એચ. પારઘી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કુલ ૩(ત્રણ) વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા સર્વ સ્ટાફ પરિવારે જહેમત ઉઠાવી હતી.

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસમાં વિશ્વ સિંહ દિવસની રેલી સાથે ઉજવણી






અમરેલી ૧૦ ઓગસ્ટ ૨૦૨૫ એટલે વિશ્વ સિંહ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલ, ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલ તેમજ જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કુલ ઓફ એકસેલન્સના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા. આપણા ગીરનું ગૌરવ સિંહ એટલે બહાદુરી વીરતા શોર્ય અને શકિતનું પ્રતીક માનવામાં આવે છે. જેથી આપણે પણ સાવજની ધરતીના રહેવાસી તરીકે ગૌરવ અનુભવીએ છીએ ત્યારે સિંહનું જતન, રક્ષણ અને સંવર્ધન કરવું આપણી ફરજ છે. આ હેતુ સાથે આપણી શાન, ગીરનું ગૌરવ સિંહ જેવા નારાઓ સાથે વિદ્યાર્થીઓએ સિંહના મોહરા પેહરીને સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી તેમજ સિંહના ભવિષ્ય અને તેના રક્ષણ વિશે માહિતગાર કર્યા. આ કાર્યક્રમને સફળ બનાવવા કેમ્પસના ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ પ્રિન્સીપાલઓ અને શિક્ષકઓ વિશ્વ સિંહ દિવસ રેલીમાં સાથે જોડાયા હતા. આ રેલી અમરેલી નગરમાં મુખ્ય માર્ગો પર જાગૃતતા માટે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ હતા.

### એઅચપીનાં આગેવાનોનાં આદેશ અનુસાર

# અમરેલી જિલ્લા એસ.ટી. મજદુર યુનીયનનાં પ્રમુખ તરીકે નિલેશભાઈ સોલંકીની વરણી

### મજદુર ભાઈઓના હિતમાં કામ કરવાની એએચપીની ખાત્રી



અમરેલી, તા. ૯

અમરેલી આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક અને અધ્યક્ષ ડોક્ટર પ્રવીણભાઈ તોગડીયાના આદેશ અનુસાર રાષ્ટ્રીય મજદૂર પરિષદ પ્રાંત પ્રમુખ સુરેશભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને આજરોજ તા.૦૯/૦૮/૨૫ના રોજ અમરેલી જિલ્લા એસ.ટી મજદૂર યુનિયનની મીટીંગ મળેલી જેમાં સ્થાપક ડો.પ્રવિણભાઈ તોગડીયા રાષ્ટ્રીય મહામંત્રી રણછોડભાઈ ભરવાડ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોક્ટર જી. જે. ગજેરા સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળસિંહ ખુમાણના આદેશ અનુસાર અમરેલી જિલ્લા એસટી મજદુર યુનિયનના પ્રમુખ તરીકે નિલેશભાઈ સોલંકીની વરણી કરવામાં આવેલી આ સાથે એસટી મજબૂર યુનિયનના રાજુભાઈ દવે બી. એમ. એસ ઉપપ્રમુખ તેમજ ભરતભાઈ બથવાર. બી. એમ. એસ જિલ્લા મંત્રી તેમજ અલ્પેશભાઈ દાફડા વિપુલભાઈ પરમાર મુકેશભાઈ જોટંગીયા. કિરણભાઈ વાંમજા.હર્ષદભાઈ રાદડિયા. ખુશાલભાઈ ખજાલ અલ્પેશભાઈ કુંડલીયા મહેશભાઈ ચાવડા જશવંતસિંહ પરમાર ભરતભાઈ પરમાર બાબુભાઈ સોજીત્રા.અને વિકાસભાઈ ભુવા વિગેરે આ ભાઈઓ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના વિવિધ આયામ રાષ્ટ્રીય મજદૂર પરિષદમાં સૌરાષ્ટ્ર પ્રાંત પ્રમુખ સુરેશભાઈ સોલંકી દ્વારા સન્માન સાથે રાષ્ટ્રીય મજદૂર પરિષદમાં જોડેલા અને આગામી દિવસોમાં જિલ્લામાં અને તાલુકામાં પણરાષ્ટ્રીય મજદૂર પરિષદની ટીમો બનાવી નિમણૂક આપવામાં આવશે અને જયાં જયાં મજદૂર ભાઈ ઓને અન્યાય થતો હશે ત્યાં આ રાષ્ટ્રીય મજદૂર પરિષદ ડોક્ટર પ્રવીણભાઈ તોગડીયાના નેતૃત્વમાં અન્યાય સામે લડત આપશે અને મજદૂર ભાઈ ઓને ન્યાય મળે અને જયાં જયાં જરૂર પડે ત્યાં આ ટીમ હંમેશા સેવાના કાર્યમાં અને હિન્દુત્વના કાર્યમાં પણ અગ્રેસર રહેશે સાથે સાથે સાપ્તાહિક હનુમાન ચાલીસા કેન્દ્ર પણ આ ભાઈઓ દ્વારા શરૂ કરવામાં આવશે તેમ રાષ્ટ્રીય મજદૂર પરિષદ સેરાષ્ટ્ર પ્રાંત પ્રમુખ સુરેશભાઈ સોલંકી તેમજ સેરાષ્ટ્ર પ્રાંત મંત્રી ચંદુભાઈ વાળા જણાવ્યું હતુ સૌરાષ્ટ્ર પ્રાંતમા દરેક જિલ્લા કેન્દ્ર ઉપર રાષ્ટ્રીય મજદૂર પરીષદની હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવેલ છે

### દીપશાળા પ્રોજેક્ટ અંતર્ગત

# વડિયા ખાતે ધોરણ ૭ ના વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

### ૩૩ વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરાયુ



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૯

વડિયા ખાતે દીપ શાળા પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ સાત ના ૩૩ વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરવામાં આવ્યું તેમજ ટેબલેટ ઉપયોગીતા અને તેની યોગ્ય દેખરેખ કેવી રીતે રાખવી તેના વિશે વાલીઓને સમજ આપવામાં આવી. આમ સતત ચોથા વર્ષે વિદ્યાર્થીઓને દાતા ભરત દેસાઈ તરફથી ટેબલેટ આપવામાં આવ્યા.

આ પ્રસંગે ગામના સરપંચ મનીષભાઈ ઢોલરિયા, ભાજપ આગેવાન તુષારભાઈ ગણાત્રા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, ચેતનભાઈ દાફડા, ગ્રામપંચાયત સદસ્ય નિલેશભાઈ પરમાર, અલ્તાફભાઈ મોગલ સુ.સા. હાઈસ્કૂલ આચાર્ય પાદરીયા, એસએમસી સભ્યો, ટેબલેટ કમિટી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

શાળા તરફથી ભરતભાઈ દેસાઈ, ડો. ફાટક, હાર્દિકભાઈ, શંકરભાઈ અને કો– ઓર્ડિનેટર અલ્તાપ ખાનનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ કે જેમના સહયોગ થી વડિયા મોંઘીબા શાળાના વિદ્યાર્થીઓ ટેકનોલોજી સાથે શિક્ષણમાં આગળ વધશે

### દેશનાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી અંતર્ગત

# અમરેલી : દેવભૂમિ દેવળિયા ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ

### એસ.બી.આઈ.નાં કર્મચારીઓ જોડાયા



અમરેલી, તા. ૯

અમરેલીનાં દેવભૂમિ દેવળીયા ખાતે એસ.બી.આઈ. દ્વારા આંગણવાડી કેન્દ્ર ખાતે દેશનાં ૭૯માં સ્વાતંત્ર્ય પર્વ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવેલ.

આ તકે સરપંચ નાથાલાલ સુખડીયા, બેન્કનાં મેનેજર સારિકાબેન વ્યાસ, કલાર્ક સોનુકુમાર, દિલીપભાઈ ગોહિલ, મયુરભાલ માલવીયા તેમજ પંચાયત સદસ્ય વિપુલ રાઠોડ, જીઆરડી જયાબેન માધડ ઉપસ્થિત રહ્યા.

### 'હર ઘર તિરંગા' આયોજન સંદર્ભે

# અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

### અમરેલીમાં ૧૨ ઓગષ્ટે યોજાશે જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા

અમરેલી, તા. ૯

દેશના સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે સમગ્ર દેશ, રાજય અને અમરેલી જિલ્લો દેશ ભક્તિના રંગે રંગાશે.

સમગ્ર જિલ્લામાં 'હર ઘર તિરંગા હર ઘર સ્વચ્છ' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. તા.૧૦ થી તા.૧૨ ઓગસ્ટ દરમિયાન ગ્રામ્ય, નગરપાલિકા અને તાલુકા કક્ષાએ અનેકવિધ કાર્યક્રમો યોજાશે.

આ કાર્યક્રમના સુચારૂ આયોજન માટે જિલ્લા અને તાલુકાના અધિકારીઓને દિશાનિર્દેશો આપવા અને તેમના દ્વારા કરવામાં આવી હોય તે કામગીરીની સમીક્ષાના હેતુથી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી.

જિલ્લા કલેકટરે કહ્યુ કે, આગામી સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે જેમ 'હર ઘર તિરંગા' અભિયાન તાલુકા–નગરપાલિકા અને જિલ્લા કક્ષાએ યોજવા માટેની કામગીરીની વિગતો મેળવી હતી. આ વર્ષે હર ઘર તિરંગાની સાથે હર ઘર સ્વચ્છતાની થીમ પણ રહેશે, સ્વત્છતા અભિયાનને લગતી જનજાગૃત્તિ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

તમામ તાલુકા મથકે અને શહેર તેમજ ગ્રામ્ય કક્ષાએ પણ તિરંગા યાત્રા યોજાવાની હોય પદાધિકારીશ્રી, હોદ્દેદારઓ અને અધિકારીઓ સંકલનમાં રહી તિરંગા યાત્રાનું આયોજન કરશે. શહેરી વિસ્તારોમાં દિવાલો પર ચિત્રકામ કરવાની કામગીરી પૂર્ણ કરવા અને તેને લગતી અન્ય સૂચનાઓને અનુસરવા જિલ્લા કલેકટરએ જણાવ્યુ હતુ.

તેમણે ઉમેર્યુ કે, સંભવતઃ તા.૧૨ ઓગસ્ટે અમરેલી ખાતે એક તિરંગા બાઈક રેલી યોજાશે, આગામી સમયમાં તે અંગે વિગતો જાહેર થશે.

તિરંગા યાત્રામાં પદાધિકારીઓ સાથે જિલ્લાની મુખ્ય મથકની તમામ કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ, પોલીસ જવાનો, ઘોડેસવારો, હોમગાર્ડ જવાનો, ખેલાડીઓ, વિદ્યાર્થીઓ, આશા અને આંગણવાડી કર્મયોગીઓ, યોગકર્મીઓ, વેપારીઓ, સામાજિક સંસ્થાઓ સહિત નગરજનો પણ જોડાશે. તિરંગા યાત્રાના રૂટ પર સ્વચ્છતા અને ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માટે જિલ્લા કલેકટરએ સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. જિલ્લાના નાગરિકોને આ કાર્યક્રમમાં હર્ષભેર જોડાવા માટે જિલ્લા કલેકટરએ અનુરોધ કર્યો હતો.

નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલે કાર્યક્રમો સંબંધે જરૂરી કાર્યવાહી કરવા માટે સૂચના આપી હતી.

આ કાર્યક્રમ દરમિયાન તિરંગા સેલ્ફી, તિરંગા યાત્રા, શાળાઓમાં વકતૃત્વ, ચિત્ર, રંગોળીઅને ક્વીઝ સ્પર્ધાઓ યોજાશે, આ અંગે જઢરી સૂચનાઓ અનુસરવા જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યુ.

આ બેઠકમાં, નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલ, અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકિયા સહિતના અધિકારીઓઅને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંત અધિકારી અને તાલુકાના સંબંધિત અધિકારીઓ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

સમગ્ર બેઠકનું સંચાલન અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારીએ વિક્રમસિંહ પરમારે કર્યુ હતું.

# સાવરકુંડલા : કે.કે. હાઈસ્કુલમાં હેલ્થ અવેરનેસ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૯

વિદ્યાર્થીઓની હિમોગ્લોબીન, ડાયાબીટીસ અને બ્લડ પ્રેશરની તપાસ કરવામાં આવી કુંડારિયા કેન્સર પ્રિવેન્શન ફાઉન્ડેશન તથા બી.ટી.સવાની કિડની હોસ્પિટલ અને કે.કે હાઈસ્કૂલ NSS યુનિટના સંયુક્ત ઉપક્રમે તા.૫/૮/૨૫ના રોજ એક હેલ્થ અવેરનેસનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. જેમાં ફાઉન્ડેશન સાથે જોડાયેલા ડો.કૈરવીબેન મારડિયા, વૈશાલીબેન મજીઠીયા, હિરલબેન હિંગુ અને રિયાબેન ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા.

ફાઉન્ડેશન સાથે જોડાયેલા પ્રોજેકટ મેનેજર કૈરવીબેન મારડિયાએ વિદ્યાર્થીઓને કેન્સર , કિડનીના ગંભીર રોગો અને તેનાથી બચવા માટેના ઉપાયો, વધુ પડતા સુગરના ઉપયોગથી ડાયાબીટીસ અને બ્લડપ્રેશર જેવા રોગો વિશે પ્રશ્નોત્તરી શૈલીમાં માહિતી આપી હતી. શાળાના પ્રિન્સિપાલ ચેતનભાઈ ગુજરીયાએ ફાઉન્ડેશનના સર્વે કર્મચારીના શાબ્દિક સ્વાગતની સાથે વિદ્યાર્થીઓમાં આરોગ્ય જાગૃતિ માટે ગંભીર બની વિદ્યાર્થીકાળથી જ સાવચેત રહેવા ટકોર કરી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા તૃપ્તિબેન ભરાડે કરી હતી. શાળાના પ્રાર્થના હોલમાં ૫૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓની હિમોગ્લોબીન, સુગર અને બ્લડપ્રેશરની તપાસ કરવામાં આવી હતી.

# સાવરકુંડલા : મહિલા આર્ટસ કોલેજમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી



સાવરકુંડલા, તા. ૯

નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં તારીખ ૧ ઓગસ્ટથી ૯ ઓગસ્ટ સુધી વિવિધ કાર્યક્રમો વર્ગખંડમાં યોજાઈ ગયા. જેમ કે સંસ્કૃત વિભાગ દ્વારા ટી.વાય.બી.એ. માં અભ્યાસ કરતી બહેનોને જીવ જગત બ્રહ્મ ઈશ્વર માયા વિદ્યા શ્રીમદ્ ભગવત ગીતા ભાગવત પુરાણ મત્સ્ય પુરાણ વિષ્ણુના ૧૦ અવતાર વિવિધ ઔષધીઓનું મહત્વ જેવા વિષયો પર પ્રોજેકટ ફાઈલ બનાવવા આપી હતી. બહેનોએ સુંદર ફાઈલો બનાવી હતી. આ ઉપરાંત શ્રીમદ ભગવત ગીતાના જ્ઞાન કર્મ અને ભક્તિ યોગ ઉપર સુંદર વક્તવ્ય વિદ્યાર્થીની બહેનોએ આપ્યા હતા. કુલ ૨૬ બહેનોએ પ્રોજેકટ વર્ક તૈયાર કર્યું હતું. તેનું માર્ગદર્શન ડો.પ્રતિમા એમ શુકલ આપ્યું હતું. આ ઉપરાંત એસ.વાય. બી.એ.માં અભ્યાસ કરતી બહેનો દ્વારા રામાયણ મહાભારત કાલિદાસની સાત કૃતિઓ ભાસની કૃતિઓ ભટનારાયણ વેદ વ્યાસ ઋષિ વાલ્મિકી વશિષ્ઠ ઋષિ કાલિદાસની કૃતિઓમાં જોવા મળતો શાપ તત્વ ઋષિ દેવતા અને છંદનું વેદમાં મહત્વ પ્રમુખ ઉપનિષદ ગ્રંથ વગેરે વિષયો ઉપર સુંદર પોસ્ટર બનાવ્યા હતા.

તેમાં કુલ ૨૩ બહેનોએ ભાગ લીધેલો હતો. સંસ્કૃત પદાર્થ પ્રદર્શન સંસ્કૃતમાં ગીતો સંસ્કૃત સુભાષિતોનું મહત્વ શ્રીમદ્ ભગવત ગીતાનું મહત્વ કાલિદાસનું જીવન કવન વગેરે પર વક્તવ્ય બહેનોએ આપ્યા હતા. ગીત સ્પર્ધામાં ગીત સંસ્કૃતમના ગીતોનું ગાન કરવામાં આવ્યું હતું. તેમાં એસ.વાય. બી.એ અને ટી.વાય. બી.એ.ની બહેનોએ ગીતો રજૂ કર્યા હતા.

કાર્યકારી આચાર્ય ચાવડા સંસ્કૃત ભાષાનું મહત્વ અને સંસ્કૃત વિવિધ કૃતિઓને ઊંડાણપૂર્વક વાંચવા માટે કહ્યું હતું. પ્રાધ્યાપક કે.બી. પટેલ સંસ્કૃત ભાષામાં વ્યાકરણનું મહત્વ તથા છંદોબદ્ધ ગાન કરવામાં પદાર્થ પ્રદર્શનમાં માર્ગદર્શન પૂરૂ પાડયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર સ્ટાફ મિત્રોનો સહયોગ મળ્યો હતો.

# દામનગર : હાવતડ પ્રાથમિક શાળામાં ટેબલેટ વિતરણ



દામનગર, તા. ૯

દામનગરના હાવતડ અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન (AIF) દ્વારા ચાલતા દિપશાળા પ્રોજેકટ અંતર્ગત લાઠી તાલુકાની હાવતડ પ્રાથમિક શાળમાં તા.૭/૮/૨૫ને ગુરૂવારના રોજ ધોરણ – ૭ના વિદ્યાર્થીઓ માટે ટેબ્લેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરપંચ રઘુભાઈ ડાંગર, એસ.એમ.સી. સભ્યો, ધોરણ– ૭ના વિદ્યાર્થીઓના માતાપિતા તથા વાલીઓની ઉપસ્થિતમાં ધોરણ –૭ ના વિદ્યાર્થીઓને ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રાથમિક શાળા કક્ષાએથી જ બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ અને વલણ કેળવાય અને આધુનિક ટેક્નોલોજીના આ યુગમાં દરેક બાળકો પણ ટેકનીલોજી સાથે કદમ મિલાવી શકે બાળકનો સર્વાંગી વિકાસ થાય તેવા શુભ હેતુથી દિપશાળા પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે. આપણા લાઠીના જ વતની અને બાળકો આધુનિક શિક્ષણ મેળવે તે માટે સમર્પિત છે એવા અમેરિકા સ્થિત ભરતભાઈ દેસાઈ કે જેમના દ્વારા આ પ્રોજેક્ટ ખુબ જ સુંદર રીતે સફળતા પૂર્વક આગળ વધી રહ્યો છે જે ખૂબ જ સરાહનીય કાર્ય માટે તેઓને શાળા પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

ટેબ્લેટ વિતરણના આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય શૈલેષભાઈ ડી. જોટંગિયા, કો–ઓર્ડીનેટર અમિતભાઈ પરમાર, સરપંચ રઘુભાઈ ડાંગર, એસ.એમ.સી. સભ્યઓ તેમજ શાળા પરિવારના તમામ શિક્ષકઓ અને ધોરણ – ૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. ક્લસ્ટર કો.ઓર્ડિ. અમિતભાઈ પરમાર અને આચાર્ય શૈલેષભાઈ જોટંગિયા દ્વારા ટેબ્લેટના દાતા ભરતભાઈ દેસાઈનો આભાર વ્યકત કરી દિપશાળા પ્રોજેકટ વિશે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને માહિતી અને માર્ગદર્શન આપવામાં આવેલ. ટેબ્લેટનો ફકત શૈક્ષણિક હેતુ માટે સદ્ઉપયોગ કરવા તેમજ વાલીઓએ પણ પોતાના બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે આ બાબતે કાળજી રાખવા અનુરોધ કરવામાં આવેલ. ઉપસ્થિત સૌ વાલીઓને વિદ્યાર્થીઓમા વૈજ્ઞાનિક કૌશલ્ય ખીલવવા માટેના મહત્વ વિશે કો–ઓર્ડીનેટર દ્વારા માહિતી આપવામાં આવેલ. આમ, સૌની હાજરીમાં ટેબ્લેટ વિતરણ કાર્યક્રમ ખૂબ સારી રીતે સંપન્ન થયો.

### SGFI – રાષ્ટ્રીય કક્ષાએ મેડલ વિજેતા ખેલાડીઓએ

# શિષ્યવૃત્તિ અને વૃતિકા મેળવવા માટે તા. ૩૧ ઓક્ટોબર સુધી ઓનલાઈન અરજી કરવી

### વધુ વિગત માટે રમતગમત અધિકારીનો સંપર્ક કરો

અમરેલી, તા. ૯

સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા યોજવામાં આવતી રમત અને રાષ્ટ્રીયકક્ષાની રમતમાં વર્ષ–૨૦૨૪–૨૦૨૫ના મેડલ વિનર ખેલાડીઓને શિષ્યવૃત્તિ અને રાષ્ટ્રીયકક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓને વૃત્તિકા મેળવવા માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરની વેસાઈટ www.sportsauthority.gujarat.in પર તા.૩૧/૧૦/૨૦૨૫ સુધીમાં ઓનલાઈન અરજી કરવી.

આ અંગેની વધુ વિગતો માટે અમરેલી જિલ્લા રમત ગમત અધિકારી, જિલ્લા રમત ગમત કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગોળ દવાખાનાની બાજુમાં, ચિત્તલ રોડ, અમરેલી પિન નં.૩૬૫૬૦૧નો સંપર્ક કરવો. ઓનલાઈન અરજી કરવામાં કોઈ તકલીફ હોય તો ઉપરોક્ત સરનામે રૂબરૂ આવ્યેથી ઓનલાઈન અરજી કરી આપવામાં આવશે. તેમ અમરેલી રમત ગમત અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

# અમરેલી : તા. ૨૨ ઓગષ્ટ સંકલન અને ફરિયાદ સમિતિ બેઠક યોજાશે

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને અને જનપ્રતિનિધીઓની ઉપસ્થિતિમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાશે. તા. ૨૨/૮/૨૫ને શુક્રવારના રોજ સવારે ૧૧ વાગ્યે જિલ્લા સેવા સદન (કલેકટર કચેરી) ખાતે યોજાનાર આ બેઠકમાં લોક પ્રતિનિધીઓ અને અધિકારીઓ સાથે નાગરિકોના પ્રશ્નોની ચર્ચા થશે.

નિકાલ બાકી હોય તેવા કાગળ, અવેઈટ અને બાકી પેન્શન કેસ, વસૂલાત, નાગરિક અધિકાર પત્ર તળેની અરજીઓ, રજૂઆતોના નિકાલ અને વિવિધ અરજીઓ માટે કરવાની કાર્યવાહીની ચર્ચા અને સમીક્ષા સહિતની બાબતોને સંકલન સમિતિમાં આવરી લેવામાં આવશે. તેમ અમરેલી જિલ્લા કલેકટર કચેરીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં વરસાદનાં અભાવે

જિલ્લામાં ૬૦ થી ૭૦ ટકા પરિવારો ગરીબ કે મધ્યમ વર્ગનાં હોય તેમાં વરસાદનો અભાવ, મોંઘવારી અને રોજગારીનો અભાવને લીધે ચિંતા જોવા મળી રહી છે. જો કે આગામી અઠવાડીયામાં વરસાદ પડવાની સંભાવના હોય સૌ કોઈ સારાવાના થશે તેવો આશાવાદ સેવી રહયા છે.

### પાના ૮ ઉપરનું ચાલું ખાંભામાં જાહેર માર્ગ ઉપર

સહીત મુદ્દામાલ મોટી માત્રામાં કબ્જો કર્યો હતો તેમ છતાં અહીં દારૂનું વેચાણ અટકવા બદલે ખાંભા પંથકમાં સૌથી વધુ દેશી દારૂનું પ્રમાણ વધતા ગામડામાં રાત પડે અને દારૂડિયાઓ રાત્રીના ગામડામાં ફરતા વધુ જોવા મળે છે. ખાંભા મધ્યમાં આવેલ ગાંધીચોક અને બસ્ટેન્ડ નજીક આ શખ્સ દેશી દારૂ પીતો વાયરલ થતા વેપારીઓ રાહદારીઓમાં વધુ રોષ સાથે નારાજગી પ્રસરી ગઈ છે સ્થાનિકોએ માંગ કરી પોલીસ માત્ર આ શખ્સ સામે કાર્યવાહી કરી મુકત કરશે પરંતુ આ શખ્સ દારૂ કયાંથી લઈ આવ્યો કોણે દારૂ આપ્યો તે અંગે ઉડાણ પૂર્વક તપાસ કરવા માટેની માંગણી ઉઠી છે.

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં વાંકિયા ગામે

અંધારામાં ભારે મશીનરીની મદદથી ખનીજ ઉપાડવામાં આવી રહ્યું છે અને વાહનો દ્વારા તેને લઈ જવાઈ રહ્યું છે તેજોવા મળે છે.

વિડિયો વાયરલ થતાં ગામલોકોમાં તંત્ર પ્રત્યે રોષ વ્યાપી ગયો છે. લોકોનો આક્ષેપ છે કે લાંબા સમયથી આવી પ્રવૃત્તિઓ ચાલી રહી છે પરંતુ સંબંધિત વિભાગો અને પોલીસ તંત્ર સમયસર કાર્યવાહી કરતા નથી જેના કારણે ભૂમાફિયાઓના હોશ વધ્યા છે. આ ઘટના બાદ ગામલોકોએ ખનીજ ચોરી રોકવા માટે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

પોલીસ તંત્રે હાલ ઘટનાની પ્રાથમિક તપાસ શરૂ કરી હોવાનો દાવો કર્યો છે અને વીડિયો આધારિત પુરાવાઓના આધારે સંડોવાયેલાઓ સામે કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. જોકે, ગ્રામજનોનું કહેવું છે કે માત્ર વાયદા નહીં પરંતુ વાસ્તવિક અને કડક પગલાં લેવાના રહેશે જેથી આવનારા સમયમાં ખનીજ ચોરી પર સંપૂર્ણ રીતે લગામ લગાવી શકાય.

આ બનાવે ફરી એકવાર સાબિત કર્યું છે કે લોકજાગૃતિ અને તકેદારી વગર ગામોમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ અટકાવવી મુશ્કેલ છે.

### પાના ૧ ઉપરનું ચાલું વડિયાનાં બાંભણીયા ગામનાં

જુગાર ધામના સ્થળે દરોડો કરી જુગાર રમતાં તમામ આઠ આરોપીને રોકડા રૂપિયા ૧,૦૪,૨૦૦ના મુદામાલ સહિત તમામ આઠ આરોપીઓને પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી.

વડિયા તાલુકાના બાંભણીયા ગામે રહેતા ધીરજલાલ ઉર્ફે બાલો નનુભાઈ પાનસુરીયા નામના ઈસમે ગોંડલ તાલુકાના દેરડી કુંભાજી ગામે રહેતા પ્રવિણભાઈ પોપટભાઈ પરવાડીયા, નિલેષભાઈ પોપટભાઈ ભટ્ટ, રાજેન્દ્ર ઉર્ફે ભરતભાઈ કરશનભાઈ સરવૈયા તથા બાંભણીયા ગામે રહેતા મુકેશભાઈ કાળુભાઈ દેવાણી, પરેશભાઈ ધીરૂભાઈ ચાવડા, સંદિપભાઈ પ્રાગજીભાઈ, ધીરૂભાઈ રામભાઈ લકુમ (રહે. ધરાળા, તા. ગોંડલ) તમામ ઈસમોને પોતાના ખેતરે આવેલ મકાને બોલાવી અને તીનપતીનો હાર જીતનો જુગાર રમાડતા હોય અને પોતે નાળના પૈસાના ઉઘરાવતો હોય. જે અંગેની બાતમી વડિયા પોલીસને મળતાં વડિયા પોલીસે બાતમીવાળા જુગાર ધામના સ્થળે દરોડો કરી જુગાર રમતાં તમામ આઠ આરોપીને રોકડા રૂપિયા ૧,૦૪,૨૦૦ના મુદામાલ સહિત તમામ આઠ આરોપીઓને પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરી રક્ષાબંધનની ઉજવણી

# મંત્રી ભાનુબેન બાબરીયા સહિતના બહેનોએ સીએમને બાંધી રાખડી

**રાજ્યના ખૂણે ખૂણેથી આવેલી બહેનોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રાખડી બાંધી દીર્ઘાયુના આશીર્વાદ આપ્યા હતા**

ગાંધીનગર, તા.૯

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયા અને મહિલા ધારાસભ્યો સહિત રાજયના ખૂણે ખૂણેથી આવેલી બહેનોએ મુખ્યમંત્રીને રાખડી બાંધી દીર્ઘાયુના આશીર્વાદ આપ્યા હતા. અમદાવાદની સાધના વિનય મંદિર શાળાના વિદ્યાર્થીઓએ ઓપરેશન સિંદૂર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનની ઝાંખી કરાવતી ૧૦૦ ફૂટ લાંબી રાખડી મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરી હતી. ભાઈ- બહેનના અપાર સ્નેહ અને અતૂટ લાગણીની અભિવ્યક્તિના પવિત્ર ઉત્સવ રક્ષાબંધન પર્વ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને વિવિધ સમાજ વર્ગોની બહેનોએ રક્ષા સૂત્ર રાખડી પ્રદાન કરી હતી. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયા, મહિલા ધારાસભ્યો અને મહિલા પોલીસકર્મીઓ સહિત રાજ્યના ખૂણે ખૂણેથી આવેલી બહેનોએ મુખ્યમંત્રીને રક્ષાસૂત્ર બાંધીને દીર્ઘાયુના આશીર્વાદ અને પ્રજાના કલ્યાણકારી કામો માટે સદાય કર્તવ્યરત રહેવાની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ ઉજવણી દરમિયાન મુખ્યમંત્રી સમક્ષ અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારની સાધના વિનય મંદિરના વિદ્યાર્થીઓએ ઓપરેશન સિંદૂરની સફળતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનની ઝાંખી કરાવતી તૈયાર કરેલી ૧૦૦ ફૂટ લાંબી રાખડી મુખ્યમંત્રી સમક્ષ પ્રસ્તુત કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર મીરાબેન પટેલ, ગાંધીનગર ભાજપ પ્રદેશ મહિલા મોરચાની ટીમ, બ્રહ્માકુમારી તેમજ અન્ય સંસ્થાની બહેનો, વિવિધ શાળાની વિદ્યાર્થીનીઓ, પ્રજ્ઞાચક્ષુ બહેનો, દિવ્યાંગ બહેનો સહિત મોટી સંખ્યામાં બહેનોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રક્ષાસૂત્ર બાંધીને આ પાવન પર્વની ઉજવણી કરી હતી.

### EDના રોબર્ટ વાડરા સામે ગંભીર આરોપ

# ગુરુગ્રામમાં ૩.૫ એકર જમીન લાંચ તરીકે મળી

**આ જમીન બાદમાં રિયલ એસ્ટેટ કંપની દિલ્હી લેન્ડ એન્ડ ફાઇનાન્સને ૫૮ કરોડ રૂપિયામાં વેચી દેવામાં આવી**

નવી દિલ્હી, તા.૯

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રા પર ગંભીર આરોપો લગાવ્યા છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, 'રોબર્ટ વાડ્રાએ ગુરુગ્રામમાં ૩.૫ એકર જમીન લાંચ તરીકે લીધી હતી,તેના માટે ૭.૫ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. આ જમીન બાદમાં રિયલ એસ્ટેટ કંપની દિલ્હી લેન્ડ એન્ડ ફાઇનાન્સ (DLF)ને ૫૮ કરોડ રૂપિયામાં વેચી દેવામાં આવી હતી.' ઈડી દ્વારા દાખલ કરાયેલ ચાર્જશીટ અનુસાર, ઓંકારેશ્વર પ્રોપર્ટીઝ પ્રાઈવેટ લિમિટેડ (OPPL)એ આ જમીન સ્કાયલાઈટ હોસ્પિટાલિટી પ્રાઈવેટ લિમિટેડ (SLHPL)ને ચૂકવણી કર્યા વિના આપી હતી. જેથી રોબર્ટ વાડ્રા પોતાના અંગત પહોંચનો ઉપયોગ કરીને તત્કાલીન હરિયાણાના મુખ્યમંત્રી અને ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ મંત્રી ભૂપિન્દર સિંહ હુડા પાસેથી ઓપીપીએલ માટે હાઉસિંગ લાઈસન્સ મેળવી શકે. આ ઉપરાંત તત્કાલીન કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીના જમાઈ હોવાને કારણે રોબર્ટ વાડ્રાનો ભૂપિન્દર સિંહ હુડા પર વ્યક્તિગત પ્રભાવ હતો.

આ જમીન ૧૨મી ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ રજીસ્ટર કરવામાં આવી હતી, જેમાં ૭.૫ કરોડ રૂપિયાની ચુકવણી ચેક નંબર ૬૦૭૨૫૧ દ્વારા દર્શાવવામાં આવી હતી. પરંતુ આ ચેક ક્યારેય ક્લિયર થયો ન હતો. છ મહિના પછી બીજા ચેક દ્વારા ચુકવણી કરવામાં આવી હતી. આ ચેક સ્કાયલાઈટ રિયલ્ટી પ્રાઈવેટ લિમિટેડ (SLRPL)નો હતો, ખરીદનાર કંપની એસએલએચપીએલનો નહીં. એસએલએચપીએલની મૂડી માત્ર ૧ લાખ રૂપિયા હતી અને એસએલઆરપીએલના ખાતામાં ૭.૫ કરોડ રૂપિયા નહોતા. ૪૫ લાખ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી પણ વાડ્રાની કંપની દ્વારા નહીં, પણ વેચનાર દ્વારા ચૂકવવામાં આવી હતી. ઈડીના મતે રજિસ્ટ્રીમાં ખોટી ચુકવણી બતાવીને સોદો બેનામી રીતે કરવામાં આવ્યો હતો.

ઈડીએ રોબર્ટ વાડ્રા સાથે જોડાયેલી ઓછામાં ઓછી ત્રણ મોંઘી મિલકતો જપ્ત કરી છે, જેનો ઉલ્લેખ પ્રિયંકા ગાંધીએ નવેમ્બર ૨૦૨૪માં વાયનાડથી લોકસભા ચૂંટણી દરમિયાન આપેલા સોગંદનામામાં કર્યો ન હતો. કેરળ હાઈકોર્ટે આ મામલે પ્રિયંકાને નોટિસ ફટકારી હતી. જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ ચૂંટણી સોગંદનામામાં ખોટી અથવા અધૂરી માહિતી આપવી એ ભ્રષ્ટ પ્રથા માનવામાં આવે છે, જેના કારણે ગેરલાયક ઠેરવવામાં આવી શકે છે અને જેલની સજા પણ થઈ શકે છે.

૧૬મી જુલાઈ ૨૦૨૫ના રોજ ઈડીએ ૩૭ કરોડ રૂપિયાથી વધુની મિલકતો જપ્ત કરી હતી. ૧૭મી જુલાઈ ૨૦૨૫ના રોજ ગુરુગ્રામ જમીન ડીલ પર ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ૨૮મી ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ખાસ પ્રિવેન્શન ઓફ મની-લોન્ડરિંગ એક્ટ કોર્ટે કેસની સુનાવણી કરશે અને આરોપો ઘડવાનો નિર્ણય લેશે. આ કેસમાં કુલ ૧૧ આરોપીઓ છે, જેમાં રોબર્ટ વાડ્રા અને OPPL પ્રમોટરો સત્યાનંદ યાદવ અને કેવલ સિંહ વિર્કનો સમાવેશ થાય છે.

### રક્ષાબંધન નિમિત્તે બહેન ભાઈના પ્રેમની અનોખી કહાની

# મોટી બહેને ભાઇને કિડની રૂપી રાખડી આપીને આપ્યું નવજીવન

**બીજા નંબરના મોટા બહેન સુશીલાબેનની કિડની મેચ થતાની સાથે જ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો**

અમદાવાદ, તા.૯

ગાંધીનગરમાં રહેતા કિરણભાઈ પટેલ ભરૂચમાં ફર્ટિલાઈઝર કંપનીમાં નોકરી કરતા હતા. બે વર્ષ પહેલા તેઓ કિડનીની ગંભીર બીમારીમાં સપડાયા હતા. તબીબોએ કિડની ફેલ થઈ હોવાના દુઃખદ સમાચાર આપ્યા અને કિડની ટ્રાન્સપ્લાન્ટનો અભિપ્રાય આપ્યો હતો. કિડની ખરાબ થવાને કારણે કિરણભાઈના પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું હતું. તેમનો દીકરો અને દીકરી કે જેઓ બંને ઓસ્ટ્રેલિયામાં રહે છે તેઓ ખૂબ ચિંતિત થઈ ગયા હતા. કિરણભાઈના ધર્મપત્ની પણ સતત પ્રભુને પ્રાર્થના કરતા હતા. પરિવારના મોભી પર આવી પડેલી આ અણધારી આફત સામે લડવા માટે પરિવાર માનસિક રીતે તૈયાર ન હતો. આ ઘેરા આઘાતની પરિસ્થિતિ વચ્ચે કિરણભાઈ પટેલ માટે ચાર બહેનો આશાનું કિરણ અને રક્ષાનું કવચ બનીને આગળ આવી.

કિરણભાઈ પટેલ કિડનીનું દાન મળે તેની રાહ જોઈ ડાયાલિસિસ પર જીવન વ્યતિત કરવા લાગ્યા હતા. આ વાતની ખબર જ્યારે તેમની ચારેય મોટી બહેનોને ખબર પડી ત્યારે આ તમામ બહેનોએ પોતાના નાનાભાઈને કિડની આપવા માટેની રાજીખુશીથી સામેથી તૈયારી દર્શાવી. જે નાના ભાઈને ઘરના આંગણામાં તેડી તેડીને રમાડ્યો હોય તે ભાઈ પર આવી અણધારી પીડા આવી પડે ત્યારે બહેનો કેવી રીતે એ સહન કરી લેવાની હતી. સૌથી મોટા બહેન કેનેડા હતા તેઓ તરત ભારત આવ્યા અને રિપોર્ટ કરાવ્યા, પરંતુ તેઓની મોટી ઉંમર અને બ્લડ પ્રેશરની તકલીફ હોવાના કારણે તબીબોએ તેમની કિડની લેવાની મંજૂરી આપી નહીં.

ત્રીજા નંબરના બહેને રિપોર્ટ્સ કરાવ્યો ત્યારે ખબર પડી કે તેમને તો જન્મજાત એક જ કિડની છે અને ચોથા બહેનને પગમાં તકલીફ હોવાને કારણે તેઓ આંશિક દિવ્યાંગ છે એટલે તેઓની પણ કિડની લઈ શકાય નહીં. અંતે બીજા નંબરના મોટા બહેન સુશીલાબેનની કિડની મેચ થતાની સાથે જ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આમ ભાઈ બહેન માટે કિડની દાન આપ્યું છે. હાલ ૫૮ વર્ષના સુશીલાબેને પણ એમના ભાઈનું દુઃખ સહભાગી થવાનો પ્રયાસ કર્યો. ચારેય બહેનો કિડની આપવા તૈયાર થયા પરંતુ બીજા નંબરના બહેન સુશીલાબેન કિડની આપીને ભાઈને નવું જીવન બક્ષ્યું હતું. આ ઓપરેશન અમદાવાદની સરકારી કિડની હોસ્પિટલ IKDRCમાં કિડની ટ્રાન્સપ્લાન્ટનું સફળ ઓપરેશન કરાવ્યા બાદ છેલ્લા દોઢ વર્ષથી કિરણભાઈ પટેલ સ્વસ્થ જીવન જીવી રહ્યા છે. મહત્વનું છે કે મળતી માહિતી અનુસાર અમદાવાદની સરકારી કિડની હોસ્પિટલ IKDRCમાં છેલ્લા ત્રણ વર્ષમાં અંદાજે ૨૦ બહેનોએ ભાઈને કિડની આપી છે તેમાં પણ ૩ ભાઈઓએ બહેનને કિડની આપીને ભાઈ બહેનના પવિત્ર સંબંધને યથાર્થ બનાવ્યો છે. ત્યારે આજના દિવસે ચાર બહેનો વચ્ચે એકના એક ભાઈ કિરણભાઈ પટેલની રક્ષા કાજે સહુ બહેનોએ દર્શાવેલો સ્નેહ અને કિડની આપવાની તૈયારી સમાજ માટે પ્રેરણારૂપ કિસ્સો છે.

### 'અનુપમા' માટે રૂપાલી ગાંગુલીને એપિસોડ દીઠ ૩ લાખનું વળતર મળે છે

# સ્મૃતિ ઇરાનીએ કમાણીમાં રૂપાલી ગાંગુલી અને દિલિપ જોશીને પાછળ છોડ્યા

**સ્મૃતિ ઇરાનીએ 'ક્યુંકી સાસ ભી કભી બહુ થી ૨' તુલસી વીરાણી તરીકેના રોલ માટે એપરિસોડ દીઠ ૧૪ લાખની ફી નક્કી કરી**



મુંબઈ, તા.૯

એક સમય હતો, જ્યારે લોકોને લાગતું હતું કે માત્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો જ એક ફિલ્મ માટે કરોડોની ફી વસુલી શકે છે. આજે ટીવી શો પણ આ પ્રકારના બજેટ પર બની રહ્યા. આવા કલાકારોની યાદીમાં સ્મૃતિ ઈરાની ટોચ પર છે, જે એક એપિસોડના ૧૪ લાખ વસુલે છે, ખાસ તો તેઓ છેલ્લા એકાદ દાયકાથી ટીવીની દુનિયાથી દુર હતા છતાં તેઓ આજે વળતર લઈ શકે છે. તેણે આ ફીમાં હવે ટીવીના જાણીતા કલાકારો રૂપાલી ગાંગુલી અને દિલિપ જોશીને પણ પાછળ રાખી દીધા છે. એવા અનેક અહેવાલો છે, જેમાં સ્મૃતિ ઈરાનીએ 'ક્યુંકી સાસ ભી કભી બહુ થી ૨' તુલસી વીરાણી તરીકેના રોલ માટે એપરિસોડ દીઠ ૧૪ લાખની ફી નક્કી કરી હોવાની વાત છે. મહત્વની વાત એ છે કે જ્યારે સ્મૃતિ ઈરાનીએ ટીવીમાં પોતાની કેરિઅર શરૂ કરી ત્યારે એકતા કપૂરે ૨૦૦૦માં આ શોની પહેલી સીઝન માટે તેને એપિસોડ દીઠ ૧૮૦૦ રૂપિયા આપ્યા હતા. પછી ધીરે ધીરે શોની લોકપ્રિયતા વધતા તેમનું વળતર વધીને એપિસોડ દીઠ ૮૦૦૦, પછી ૩૫૦૦૦ અને અંતે એપિસોડ દીઠ ૫૦૦૦૦ પહોંચ્યું હતું.હવે બીજી સીઝન માટે બાલાજી ટેલિફિલ્મ્સે જ જાહેર કર્યું છે કે આ સીઝન માત્ર ૧૫૦ એપિસોડની જ હશે, જેમાં પિસોડ દીઠ ૧૪ લાખ એટલે સ્મૃતિ ઈરાનને કુલ ૨૧ કરોડ રૂપિયા જેટલું વળતર મળશે, આ રીતે તે લૌથી વધુ વળતર મેળવતા એક્ટ્રેસ બની ગયાં છે.આ યાદીમાં અન્ય લોકપ્રિય કલાકારોની વાત કરવામાં આવે તો 'અનુપમા' માટે રૂપાલી ગાંગુલીને એપિસોડ દીઠ ૩ લાખનું વળતર મળે છે અને 'તારાક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં જેઠાલાલના માટે પાત્ર દિલિપ જોશીને એપિસોડ દીઠ ૧.૫ લાખનું વળતર ચૂકવાય છે. આગળ આ યાદીમાં જેનિફર વિંગેટ ૧.૫થી ૨ લાખ, તેજસ્વી પ્રકાશ ૨-૩ લાખ, શ્રદ્ધા આર્યા ૧.૫ લાખ, હર્ષદ ચોપડા ૩ લાખ અને હિના ખાન ૧.૫થી ૨ લાખ વસુલે છે.

### ઉપરવાળાએ ન્યાય કર્યો

# ઉત્તરકાશી આફત અંગે સમાજવાદી પાર્ટીના નેતાનું વિવાદિત નિવેદન

**સમાજવાદી પાર્ટીના પૂર્વ સાંસદ એસ.ટી. હસને ઉત્તરાખંડ અને હિમાચલમાં મસ્જિદો અને કબરોના ધ્વંસને ભગવાનનો ન્યાય ગણાવ્યો**

ઉત્તરકાશી, તા.૯

ઉત્તરાખંડમાં ઉત્તરકાશીના ધરાલીમાં આવેલી કુદરતી આફત પર રાજકારણ શરૂ થયું છે. એક તરફ સેના હાલમાં ધરાલીમાં જીવ બચાવવા માટે યુદ્ધના ધોરણે કામ કરી રહી છે. બીજી તરફ સમાજવાદી પાર્ટીના પૂર્વ સાંસદ એસ.ટી. હસને ઉત્તરાખંડના ધરાલીમાં આવેલી કુદરતી આફત પર વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે ઉત્તરાખંડ અને હિમાચલમાં મસ્જિદો અને કબરોના ધ્વંસને ભગવાનનો ન્યાય ગણાવ્યો છે. નોંધનીય છે કે આગાઉ પણ તેણે કાવડ યાત્રા સહિત અનેક મુદ્દાઓ પર વાંધાજનક નિવેદનો આપ્યા હતાં.

સમાજવાદી પાર્ટીના નેતા એસ.ટી. હસનને અખિલેશ યાદવના નજીકના માનવામાં આવે છે. પરંતુ આ વખતે એસ.ટી. હસનનું વાહિયાત નિવેદન અખિલેશ યાદવ માટે પણ મુશ્કેલીનું કારણ બની શકે છે. જ્યારે તેને ઉત્તરાખંડના ધરાલીમાં થયેલી આફત વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું, કાટમાળ નીચે મોટી સંખ્યામાં લોકો દટાયેલા છે. આ ખૂબ જ દુઃખદ ઘટના છે કારણ કે ત્યાં આખા ગામડાં નાશ પામ્યા છે. ત્યાં વધારે વરસાદ પડ્યો ન હતો, તો પછી આવી આફત આવી છે. ત્યાં આ આફતો કેમ થઈ રહી છે? આપણે આ વિશે વિચારવું જોઈએ.

ઉત્તરકાશી આફત અંગે એસ.ટી. હસને કહ્યું કે, ધારાલીમાં થયેલી દુર્ઘટનાનું એક મોટું કારણ જંગલોમાંથી વૃક્ષો કાપવાનું છે. આપણે જંગલો સાથે મોટો અન્યાય કર્યો છે. વૃક્ષો સતત કાપવામાં આવી રહ્યા છે, જેના કારણે કાપણી વધી રહી છે.

બીજી વાત એ છે કે ઉત્તરાખંડ અને હિમાચલમાં અન્ય ધર્મનું કોઈ સન્માન નથી. હું કહું છું કે કોઈપણ ધાર્મિક સ્થળ પર બુલડોઝરનો ઉપયોગ ન કરવો જોઈએ, પછી ભલે તે દરગાહ હોય, મસ્જિદ હોય કે મંદિર હોય. આ દુનિયા ચલાવનાર કોઈ બીજું છે. જ્યારે તેનો ન્યાય થાય છે, ત્યારે વ્યક્તિ કોઈ પણ રીતે પોતાને બચાવી શકતો નથી.

ઉત્તર પ્રદેશના ભાજપ પ્રવક્તા રાકેશ ત્રિપાઠીએ એસ.ટી. હસનના નિવેદનની ટીકા કરી છે. તેમણે કહ્યું કે, કુદરતી આફતો સમગ્ર માનવતા માટે પીડાદાયક છે. સપા સાંસદનું નિવેદન ઘા પર મીઠું છાટ્યા જેવું છે. કુદરતી આફતને ધાર્મિક આધાર પર વહેંચવી શરમજનક છે. કોઈએ આવું ન કરવું જોઈએ. આવા સાંસદને સજા કરવાને બદલે, સપા તેને પ્રોત્સાહન આપે છે. ઉલ્લેખનીય છે કે, છઠ્ઠી ઓગસ્ટે વાદળ ફાટવાના કારણે આવેલા પૂરથી ધારાલી ગામનો અડધો ભાગ નાશ પામ્યો હતો અને ઘણાં લોકો ગુમ થયા છે. સેનાના જવાનોની સાથે, ધારાલીમાં ઘણી એજન્સીઓ બચાવ કામગીરી કરી રહી છે. અત્યાર સુધીમાં ૧૩૦૦થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. પરંતુ ઘણાં લોકો હજુ પણ ફસાયેલા છે.

### ૭૦-૭૦ હજાર રૂપિયાના હપ્તા લેવાતા હોવાનો આરોપ

# જૂનાગઢમાં ભાજપના જ ધારાસભ્ય પોલીસ સામે ધરણાં ઉપર બેઠા

**લાડાણીએ આક્ષેપ કર્યા છે કે, પોલીસ અધિકારીઓ હપ્તા લઈને હરતી ફરતી ક્લબ ચલાવાની મંજૂરી આપી રહ્યા છે**

જૂનાગઢ, તા.૯

જૂનાગઢના માણાવદર અને બાંટવા વિસ્તારમાં પોલીસની મિલીભગતથી ગેરકાયદે પ્રવૃત્તિ ચાલતી હોવાને લઈને ભાજપના જ ધારાસભ્યે ગંભીર આક્ષેપ કર્યા છે. જેને લઈને MLA અરવિંદ લાડાણી પોલીસ સામે ધરણાં પર બેઠા છે. ધારાસભ્યે માણાવદર અને બાંટવા પોલીસ દિવસના ૭૦-૭૦ હજાર રૂપિયાનો હપ્તા લેતી હોવાના આક્ષેપ કર્યા છે.

મળતી માહિતી મુજબ, ભાજપના ધારાસભ્ય અરવિંદ લાડાણી અને તેમના સમર્થકો માણાવદર પોલીસ સ્ટેશન સામે ધરણાં પર બેઠા છે. લાડાણીએ આક્ષેપ કર્યા છે કે, પોલીસ અધિકારીઓ હપ્તા લઈને હરતી ફરતી ક્લબ ચલાવાની મંજૂરી આપી રહ્યા છે. ક્લબના કારણે યુવાનો ગેરમાર્ગે જઈ રહ્યા છે. જૂનાગઢમાં ભાજપના જ ધારાસભ્યએ પોલીસ સામે ગંભીર આક્ષેપ મૂક્યા છે, ત્યારે પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. સમગ્ર મામલે ધારાસભ્યએ નિષ્પક્ષ તપાસ અને જવાબદાર અધિકારી સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. જ્યારે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પોલીસ પરના ગંભીર આક્ષેપ મામલે યોગ્ય તપાસના આદેશ આપ્યા હોવાનું સામે આવ્યું છે.

### વધી રહ્યો છે ગ્લોબલ વોર્મિંગનો કહેર

# તરસથી પીડાશે અડધી દુનિયા, નાસાનો ભયાનક રિપોર્ટ

**દર વર્ષે સમગ્ર વિશ્વમાં સૂકા વિસ્તારોનો વિસ્તાર વધી રહ્યો છે : આ વધારો લગભગ બમણો થઈ રહ્યો છે**

વોશિંગ્ટન, તા.૯

નાસાના GRACE અને GRACE-FO ઉપગ્રહો પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાં થતા ફેરફારોને માપે છે. આ ઉપગ્રહો ૨૦૦૨ અને ૨૦૦૮ માં લોન્ચ કરવામાં આવ્યા હતા. આ ઉપગ્રહોની મદદથી, વૈજ્ઞાનિકો પૃથ્વી પર પાણીનું પ્રમાણ કેવી રીતે બદલાઈ રહ્યું છે તે શોધી શકે છે. આજકાલ, વિશ્વના ઘણા ભાગોમાં હવામાન ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યું છે, જેના કારણે દુષ્કાળ, પૂર અને જંગલમાં આગ લાગવાની ઘટનાઓ નોંધપાત્ર રીતે વધી રહી છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં, વિશ્વભરના ઘણા વિસ્તારો ખૂબ જ સુકા બની ગયા છે. ખાસ કરીને દક્ષિણપશ્ચિમ ઉત્તર અમેરિકાથી મધ્ય અમેરિકા સુધી, દુષ્કાળ હવે સામાન્ય બની ગયો છે. જ્યાં વરસાદ પહેલા જેવો જ છે, ત્યાં હવે હવામાન બદલાઈ રહ્યું છે. ઉદાહરણ તરીકે, લા નીના, જે ૨૦૨૦ થી ૨૦૨૩ સુધી ચાલ્યું હતું, તેના કારણે પૂર્વ આફ્રિકામાં સતત દુષ્કાળ પડ્યો હતો. હવે ઉત્તર આફ્રિકા, યુરોપ, મધ્ય પૂર્વ, મધ્ય એશિયા, ઉત્તર ચીન અને દક્ષિણપૂર્વ એશિયા ખૂબ મોટો શુષ્ક વિસ્તાર બની ગયો છે.

સંશોધકોએ એવું પણ શોધી કાઢ્યું છે કે ગ્લોબલ વોર્મિંગ અને શહેરોના વિકાસને કારણે પૃથ્વીના કેટલાક વિસ્તારો જેમ કે પૂર્વ આફ્રિકા અને પશ્ચિમી સબ-સહારન આફ્રિકા ભીના થઈ રહ્યા છે. જ્યારે પૃથ્વી ગરમ થાય છે, ત્યારે હવામાં પાણી બાષ્પીભવન થાય છે. આને કારણે, કેટલાક વિસ્તારોમાં ઘણો વરસાદ પડે છે. પરંતુ વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે સૂકા વિસ્તારો સુકાઈ જવાનો દર અને ભીના વિસ્તારોમાં ભીના થવાનો દર વધ્યો છે.

જુલાઈ ૨૦૨૫ માં, વિશ્વનું તાપમાન પેરિસ કરારમાં નિર્ધારિત મર્યાદા કરતા ઘણું વધારે વધ્યું છે. તાપમાનમાં આ વધારો ૧.૫૩ ડિગ્રી સેલ્સિયસ હતો, જે નિર્ધારિત મર્યાદાથી ઘણો વધારે છે. જંગલ કાપી નાખવા, શહેરોનો બિનઆયોજિત વિકાસ અને વધતું પ્રદૂષણ આપણા વાતાવરણને એવી પરિસ્થિતિમાં લઈ જઈ રહ્યું છે જ્યાંથી પાછા ફરવું ખૂબ મુશ્કેલ બનશે.

આ મોટી આફતથી બચવા માટે, વૈજ્ઞાનિકો કહે છે કે બધી સરકારોએ કડક નિયમો બનાવવા જોઈએ અને વિકાસ માટે કરવામાં આવેલ કાર્ય વિચારપૂર્વક કરવું પડશે. આ ઉપરાંત, બધા દેશોએ સાથે મળીને ઉકેલ શોધવાનું કામ કરવું પડશે.

### શરદ પવારે આપ્યો જવાબ

# રાહુલ ગાંધીના કાર્યક્રમમાં ઉદ્ધવ ઠાકરેને છેલ્લી હરોળમાં બેસાડવા મુદ્દે વિવાદ

**શરદ પવારે કહ્યું કે રાહુલ ગાંધીના વોટ ચોરીના આરોપનું સારી રીતે સંશોધન કરવામાં આવ્યું છે અને તે દસ્તાવેજો પર આધારિત છે**

નવી દિલ્હી, તા.૯

શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ)ના વડા ઉદ્ધવ ઠાકરે સાથે જોડાયેલા વિવાદ પર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP શરદ પવાર જૂથ)ના વડા શરદ પવારે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા આયોજિત ડિનરમાં ઉદ્ધવ ઠાકરેને છેલ્લી હરોળમાં બેસાડવાનો વિવાદ બિનજરૂરી છે. નોંધનીય છે કે, ગુરુવારે (સાતમી ઓગસ્ટ) કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના નિવાસસ્થાને વિપક્ષી ગઠબંધનના નેતાઓ માટે ડિનર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ઉદ્ધવ ઠાકરે પણ ત્યાં હાજર હતા. તસવીરોમાં તે છેલ્લી હરોળમાં બેઠેલા જોવા મળ્યા હતા. આ તસવીર સોશિયલ મીડિયા પર વાઈરલ થતા વિવાદ સર્જાયો હતો.

નાગપુરમાં એક પત્રકાર પરિષદને સંબોધતા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP શરદ પવાર જૂથ)ના વડા શરદ પવારે કહ્યું કે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના વોટ ચોરીના આરોપનું સારી રીતે સંશોધન કરવામાં આવ્યું છે અને તે દસ્તાવેજો પર આધારિત છે. આ મામલાની તપાસ કરવાનું કામ ચૂંટણીપંચ (ECI)નું છે. મહારાષ્ટ્રમાં ચૂંટણી પહેલા વિપક્ષ મહા વિકાસ અઘાડીએ વધુ સાવચેત રહેવું જોઈતું હતું. આ વાત પહેલા ધ્યાનમાં લેવી જોઈતી હતી અને સાવચેતી રાખવી જોઈતી હતી. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી અંગે શરદ પવારે દાવો કર્યો હતો કે, વર્ષ ૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા બે લોકો મને નવી દિલ્હીમાં મળ્યા હતા અને ૨૮૮ બેઠકોમાંથી ૧૬૦ બેઠક પર વિપક્ષની જીતની ખાતરી આપી હતી. મે આ બંનેનો પરિચય વિપક્ષી નેતા રાહુલ ગાંધી સાથે કરાવ્યો હતો. જોકે, બંને વ્યક્તિઓના દાવાઓને કોઈ મહત્ત્વ આપ્યું ન હોવાથી, અમારી પાસે તેમના નામ અને સંપર્ક વિગતો નથી. ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને સંસ્થાકીય ચોરી ગણાવી છે. તેમણે દાવો કર્યો હતો કે, ચૂંટણી પંચ ગરીબોના મતદાન અધિકાર છીનવી લેવા માટે આ ચોરી કરવા માટે ભાજપ સાથે ખુલ્લેઆમ સાંઠગાંઠ કરી રહ્યું છે.

### ગુજરાતમાં એક ટ્રફ સક્રિય જોવા મળી રહ્યો છે

# ધીમે ધીમે વરસાદી માહોલ જામવાની શરૂઆત થઈ શકે છે

**રાજ્યમાં મધ્ય ગુજરાત તથા મધ્ય પૂર્વ ગુજરાતમાં ઝાપટાનું પ્રમાણ વધારે રહી શકે છે : હવામાન વિભાગ**

અમદાવાદ, તા.૯

છેલ્લા ૧૦-૧૨ દિવસથી આરામ ફરમાવી રહેલા મેઘરાજા હવે આળસ ખંખેરી શકે છે. આવતું અઠવાડીયું ખેડૂતો માટે સારા સમાચાર લઈને આવી શકે છે. જોકે, એ પહેલાં જ ધીમે ધીમે વરસાદી માહોલ જામવાની શરૂઆત થઈ શકે છે. કારણ કે હાલ રાજસ્થાન-પાકિસ્તાન સરહદ આસપાસ એક હળવું અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન છે. ઉપરાંત ગુજરાતમાં એક ટ્રફ સક્રિય જોવા મળી રહ્યો છે. જેના કારણે અનુકૂળ વાતાવરણ મળતાં જ્યાં ભેજ હશે ત્યાં ત્યાં હળવો વરસાદ વરસી શકે છે. જોકે, આ વરસાદ ઝાપટા સ્વરૂપે હશે. એ પણ ગણ્યા ગાંઠ્યા વિસ્તારોમાં થઈ શકે છે.

પરંતુ એક વાત ચોક્કસ છે કે હવે ધીમે ધીમે ઝાપટાના પ્રમાણમાં ઉત્તરોત્તર વધારો જોવા મળી શકે છે. રાજ્યમાં મધ્ય ગુજરાત તથા મધ્ય પૂર્વ ગુજરાતમાં ઝાપટાનું પ્રમાણ વધારે રહી શકે છે. ઉપરાંત સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં પણ હળવા ઝાપટાં પડી શકે છે. ૧૦ ઓગસ્ટથી ઝાપટાના પ્રમાણ અને વિસ્તારમાં વધારો પણ જોવા મળી શકે છે. વિવિધ વેધર મોડલના એનાલિસિસ પરથી હાલ આ પ્રકારનું ચિત્ર જોવા મળી રહ્યું છે. રવિવારે અમદાવાદ, વડોદરામાં પણ ઝાપટાં પડે તો નવાઈ નહીં.

જોકે, હજુ ૧૫-૧૬ ઓગસ્ટ સુધી ભારે વરસાદની સંભાવના નહીંવત છે. હવામાન વિભાગના અનુમાન પ્રમાણે ૧૩ ઓગસ્ટે ઉત્તર પશ્ચિમ બંગાળની ખાડીમાં એક લો-પ્રેશર બની શકે છે. વિવિધ વેધર મોડલ અને નિષ્ણાતો માની રહ્યા છે કે ૧૩ ઓગસ્ટે બનનારી આ સિસ્ટમ જ ગુજરાતના ખેડૂતોની વરસાદની ભૂખ ભાંગી શકે છે.હાલના અનુમાનિત ટ્રેક મુજબ જ આ સિસ્ટમ આગળ વધશે તો આખા ગુજરાતમાં ધોધમાર વરસાદની સંભાવના છે. એમાં પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોને તરબોળ કરીને પૂરનું સ્થિતિનું નિર્માણ કરી શકે છે. હાલ સૌરાષ્ટ્રના જિલ્લામાં ખરીફ સિઝનને પિયત ચાલી રહ્યું છે. ત્યારે આ વરસાદની ખેડૂતો ખુશખુશાલ થઈ શકે છે.

### અમેરિકાના પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની ચેતવણી

# ભારત પર તોતિંગ ટેરિફ નાખવાનું ટ્રમ્પને ભારે પડ્યું!

**ભારત પર ભારે ભરખમ ટેરિફ લગાવીને ડોનાલ્ડ ટ્રમ્પ દાયકાઓની અમેરિકી કૂટનીતિને જોખમમાં નાખી શકે છે**

વોશિંગ્ટન, તા.૯

ભારત અને અમેરિકાના સંબંધો પર એક નવો વિવાદ ઊભો થયો છે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને ટ્રમ્પના નીકટ રહી ચૂકેલા જ્હોન બોલ્ટને ચેતવણી આપી છે કે ભારત પર ભારે ભરખમ ટેરિફ લગાવીને ટ્રમ્પ દાયકાઓની અમેરિકી કૂટનીતિને જોખમમાં નાખી શકે છે. તેમનું માનવું છે કે આ પગલું ભારતને રશિયા અને ચીનની વધુ નજીક ધકેલી શકે છે જે અમેરિકા માટે એક મોટી રણનીતિક ભૂલ સાબિત થઈ શકે છે. બોલ્ટને જણાવ્યું કે ટ્રમ્પ પ્રશાસને રશિયા પાસેથી ઓઈલ ખરીદવા પર ભારત પર ૫૦ ટકાથી વધુ ટેરિફ લગાવ્યો છે. જેમાં ૨૫ ટકા વધારાનો સેકન્ડરી ટેરિફ પણ સામેલ છે. આ ટેરિફ ફક્ત એ તર્ક સાથે લગાવવામાં આવ્યો કે ભારત રશિયાના યુદ્ધ અભિયાનને આર્થિક મદદ કરી રહ્યું છે. પરંતુ ચોંકાવનારી વાત એ છે કે ચીન પર આ પ્રકારનો કોઈ પ્રતિબંધ લગાવ્યો નથી. તેનાથી ભારતે ખુબ જ નકારાત્મક પ્રતિક્રિયા આપી અને તેને અયોગ્ય અને અસ્વીકાર્ય ગણાવી.

અમેરિકી વિદેશ નીતિ વિશેષજ્ઞ અને પૂર્વ વેપાર અધિકારી ક્રિસ્ટોફર પડિલ્લાએ પણ ચેતવણી આપી છે કે આ પગલું ભારત-અમેરિકાના સંબંધોને લાંબા સમય સુધી નુકસાન પહોંચાડી શકે છે. તેમણે કહ્યું કે ટેરિફની અસર આવનારા વર્ષો સુધી ભારતની યાદમાં રહેશે અને એ સવાલ ઊભો કરી શકે છે કે શું અમેરિકા એક ભરોસાપાત્ર સાથે છે.

રશિયાએ ભારતનું ખુલીને સમર્થન કર્યું છે અને અમેરિકા પર ગેરકાયદેસર વેપારી દબાણ નાખવાનો આરોપ લગાવ્યો છે. બોલ્ટનનું માનવું છે કે આવનારી ટ્રમ્પ-પુતિનની મુલાકાતમાં પુતિન આ મુદ્દાનો ફાયદો ઉઠાવીને પોતાના એજન્ડાને આગળ વધારી શકે છે. તેમણે સીએનએન સાથે વાતચીતમાં કહ્યું કે જે ટેરિફ રશિયાને નબળું પાડવા માટે લગાવ્યા હતા તે ઉલ્ટી અસર પાડી શકે છે અને ભારતને રશિયા-ચીન સાથે મળીને અમેરિકા વિરુદ્ધ ઊભું કરી શકે છે.




### ગાંધીનાં ગુજરાતમાં દારૂબંધી માત્ર નામની

# ખાંભામાં જાહેર માર્ગ ઉપર દેશીદારૂ ગટગટાવતો શખ્સ કેમેરામાં કેદ થયો

**દારૂના દુષણને ડામવા ગામજનોની માંગ**



અમરેલી, તા. ૯

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ રહી ગઈ છે અમરેલી જિલ્લામાં સૌથી વધુ દેશી દારૂનું દુષણ ખાંભા પંથકમાં વધી રહ્યું છે વાંરવાર વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થાય છે આજે વધુ એક ખાંભા વિસ્તારનો દેશી દારૂની પોટલી લઈ ખુલ્લેઆમ જાહેરમા દારૂ પિતા એક શખ્સ નીકળ્યો હતો સ્થાનિક લોકોએ વિડીયો મોબાઈલમાં કેદ કરી ઉતારતા સોશયલ મીડિયામાં વાયરલ થયો છે સોશ્યલ મીડીયામાં આ વીડિયોએ ધૂમ મચાવી છે. છેલ્લાં કેટલાક દિવસોથી ઈન્ચાર્જ પીએસઆઈ તરીકે પોલીસ સ્ટેશન ચાલતું હોવાથી પોલીસની કામગીરીથી લોકોમાં હવે અસંતોષ વધુ જોવા મળી રહ્યો છે. દારૂ પીતો વિડીયો વાયરલ થતા ધારી એએસપી દ્વારા ખાંભા પોલીસને કડક સૂચના આપી આ વીડિયોમાં દેખાતા ઈસમ અંગે તપાસ હાથ ધરી છે.

અગાઉ અહીં સ્ટેટ મોનીટરીંગ સેલ ટીમ દ્વારા ખાંભા વિસ્તારમાં દેશી દારૂની મોટી ફેક્ટરી ઝડપી હતી જેમાં અલગ અલગ દારૂના સાધનો સામગ્રી દારૂ બનાવવા માટેના સાધનો

અનુસંધાન પાના ૬ ઉપર

### આરોપી સામતભાઈ ધોળકીયાના કબ્જામાંથી

# વંડા : જેજાદ ગામની સીમ વિસ્તારમાં વિદેશી દારૂની ૫૮ બોટલ ઝડપી લેવાઈ

**કુલ રૂપિયા ૧૪૯૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો**

અમરેલી, તા. ૯

સાવરકુંડલા તાલુકાના જેજાદ ગામની સીમમાં રહેતા સામતભાઈ જેરામભાઈ ધોળકીયા નામના આરોપીએ પોતાના કબ્જામાં ભારતીય બનાવટના પરપ્રાંતના અલગ–અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂ સ્પેશીયલ વ્હિસ્કી ૧૮૦ એમ એલ બોટલ નંગ ૫૦ કિંમત રૂપિયા ૧૨,૫૦૦ તથા મેજીક મોમેન્ટસ ૧૮૦ એમ એલ લખેલ બોટલ નંગ–૮ કિંમત રૂપિયા ૨૪૦૦ મળી કુલ રૂપિયા ૧૪,૯૦૦નો મુદામાલ સાવરકુંડલા તાલુકાના શેલણા ગામે ફીફાદ રોડ ઉપર પુલ પાસે રાખેલ હોવાની બાતમીના આધારે વંડા પોલીસે દરોડો પાડી મુદામાલ સાથે આરોપીને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### અવારનવાર રેતી ચોરીની ફરિયાદ ઉભી થઈ રહી છે

# અમરેલીનાં વાંકિયા ગામે રેતી ચોરી થતી હોવાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ

**સ્થાનિક તંત્રએ રેતી બચાવો અભિયાન શરૂ કરવું જરૂરી**



અમરેલી, તા. ૯

અમરેલીના વાંકિયા ગામમાં વહેલી સવારે ખનીજ ચોરી કરતા ભૂમાફિયાઓનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં હલચલ મચી ગઈ છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આ વિસ્તારમાં લાંબા સમયથી રેતી અને અન્ય ખનીજની ગેરકાયદે ખાણકામ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. તંત્રની ઉદાસીનતા વચ્ચે, ગામના જાગૃત યુવાનો અને રહેવાસીઓએ રાત્રી દરમિયાન જાગરણ રાખીને આવી ગેરકાયદે પ્રવૃત્તિઓના પુરાવા એકત્ર કરવા માટે પ્રયત્નો કર્યા.

ગત રાત્રે ગામના કેટલાક યુવાનોને શંકાસ્પદ અવાજો સાંભળાતા તેઓ તરત જ ઘટનાસ્થળે પહોંચ્યા. ત્યાં તેમને ટ્રકો અને ટ્રેકટરો દ્વારા ખનીજ ભરવામાં આવી રહ્યું હોવાનાં દ્રશ્ય જોવા મળ્યો. સ્થાનિક લોકોએ તાત્કાલિક તેમના મોબાઈલ ફોનમાં આ દ્રશ્યો કેદ કર્યા અને વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો. વીડિયોમાં સ્પષ્ટપણે રાત્રિ

અનુસંધાન પાના ૬ ઉપર

### પવિત્ર રક્ષાબંધન નિમિત્તે

# અમરેલી તાલુકાની પોલીસ સ્ટેશનની સી ટીમે તપસ્વીઓને રાખડી બાંધી

**સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ સંઘાણીને શુભેચ્છા પાઠવી**



અમરેલી, તા. ૯

અમરેલી તાલુકા (રૂરલ) પોલીસ સ્ટેશની સી ટીમની બહેનો દ્વારા રક્ષાબંધન પર્વ નિમિત્તે સારહિ તપોવન આશ્રમના તપસ્વીઓને રાખડી બાંધીને ઉજવણી કરવામાં આવેલ.

સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓને વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા સારહી યુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી.

સારહિ પરિવાર વતી અમરેલી તાલુકા (રૂરલ) પોલીસ સ્ટેશનની સી ટીમનો હદયપૂર્વક આભાર માનવામાં આવેલ.

### રાત્રિનાં ૧થી સવારનાં ૬ સુધીમાં કારસ્તાન

# સાવરકુંડલાની સંકલ્પ સોસાયટીમાં બંધ રહેણાંક મકાનમાં તસ્કરોનાં પરોણા

**રૂપિયા ૭૪ હજારનાં મુદ્દામાલની ઉઠાંતરી**

અમરેલી, તા. ૯

સાવરકુંડલા ગામે આવેલ પંચવટી સોસાયટીમાં રહેતા અજીતભાઈ ચીમનલાલ જોષી નામના ૩૮ વર્ષિય વેપારી યુવકના સાવરકુંડલા મહુવા રોડ સંકલ્પ સોસાયટીમાં રહેતા ભાઈના બંધ રહેણાંક મકાનમાં તા. ૭ના રાત્રે ૧ વાગ્યાથી ૬ વાગ્યા સુધીના સમય દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમે પ્રવેશ કરી મકાનનાં તાળા તોડી રૂમમાં રાખેલ રૂપિયા ૪૪,૦૦૦ તથા સોના તથા ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧૮,૫૦૦ તથા બાજુમાં તંબુમાં રહેલ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૧,૪૯૯ મળી કુલ રૂપિયા ૭૩,૯૯૯ના મુદામાલની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### ‘‘તેરા તુજકો અર્પણ’’ કાર્યક્રમ અંતર્ગત

# અમરેલીમાં સોનાના દાગીના અને રૂપિયા ૧૦ હજાર મુળ માલિકને સિટી પોલીસે પરત કર્યા

**બન્ને અરજદારો પોલીસની કામગીરીથી ખુશ**



અમરેલી, તા. ૯

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાં માલ મિલકત ગુમ થવાના બનાવોમાં સત્વરે મિલકત શોધી મુળ માલીકને પરત કરવા તથા ‘તેરા તુજકો અર્પણ’ કાર્યક્રમ સાર્થક કરી અમલવારી કરવા સુચના આપેલ હોય. જે અન્વયે અમરેલીમાં રહેતા અજયભાઈ નકુભાઈ કાતરાએ ગત તા.૮ ના રોજ પોતે અમરેલીના નાગનાથ મંદિર પાછળ પોતાના ઘરેથી ક્રિષ્ના પેટ્રોલપંપ ખાતે પેટ્રોલ પુરાવવા માટે ગયેલ હતા અને પોતાના ખીસ્સામા રહેલ સોનાના દાગીના કયાંક પડી ગયેલ હોય. જે બાબતે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં અરજી આપતા સર્વેલન્સ ટીમ દ્વારા અમરેલી કમાન્ડ કંટ્રોલ સેન્ટરની મદદથી સીસીટીવી ફુટેજ જોઈ અને હ્યુમન સોર્સની મદદથી તે દાગીના શોધીને અરજદારને સોનાનું મંગળસુત્ર તથા સોનાના નજરીયા મળી કુલ કીમત રૂપિયા ૧,૫૦,૦૦૦નો મુદ્દામાલ મુળ માલિકને પરત કરી ‘તેરા તુજકો અર્પણ’ કાર્યક્રમ સાર્થક અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ કરેલ હતો.

તેવી જ રીતે અમરેલીમાં રહેતા બ્રિજેશભાઈ રમણીકભાઈ ગેડીયા ગત તા.૨૭/૬ ના રોજ પોતાની દુકાને આવેલ. ત્યારે તેના પિતાએ તેમને જણાવેલ કે, કોઈ અજાણ્યો માણસ ફોર વ્હીલર લઈને આવેલ હોય, તેમણે ગુગલ–પે કરી આપેલ હોય. જેથી મે તેને રોકડા રૂપિયા ૧૦,૦૦૦ આપેલ હતાં. પરંતુ બાદમાં ગુગલ–પે ચેક કરતા નાણાં આવેલના હોય. જે બાબતે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમા અરજી કરતા સર્વેલન્સ ટીમ દ્વારા અમરેલી કમાન્ડ કંટ્રોલ સેન્ટરની મદદથી સીસીટીવી ફુટેજ જોઈ અને હ્યુમન સોર્સની મદદથી અજાણ્યા ફોર વ્હીલર ચાલકને શોધીને અરજદારને રોકડ રૂપિયા ૧૦,૦૦૦ પરત કરી ‘તેરા તુજકો અર્પણ’ કાર્યક્રમ સાર્થક કરેલ હતો.

### જુના પોલીસ સ્ટેશન નજીક પાઈપ લીકેજ થતા

# અમરેલીની પોસ્ટ ઓફિસ પાછળ રાત્રિનાં સમયે માર્ગ ઉપર પાણી ફરી વળ્યા

**પાલિકા એક સાંધે નહી અને તેર તુટયા કરે**



અમરેલી, તા. ૯

અમરેલી શહેરમાં પાલિકાના અણઘડ વહીવટથી શહેરીજનો તોબા પોકારી ચુકયા છે. બંધ સ્ટ્રીટલાઈટ, રખડતા પશુઓ, બિસ્માર માર્ગો, જેવી સમસ્યા વચ્ચે પોસ્ટ ઓફિસ પાછળના માર્ગ ઉપર રાત્રિનાં સમયે પાણી વહેતા જતાં છેડ જુના માર્કેટયાર્ડ સુધી પાણીની રેલ મહોલ થઈ હતી. અને હજારો લીટર પાણીનો વેડફાટ થતો જોવા મળી રહયો હતો.

### સામાજીક સદ્‌ભાવ, કાયદો–વ્યવસ્થા મજબૂત કરવાના ધ્યેય સાથે

# અમરેલીમાં આજે દરેક પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ દ્વારા સરપંચ પરિસંવાદ યોજાશે

**જિલ્લાનાં તમામ સરપંચોને જોડાવવા અનુરોધ**

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં ગ્રામ્ય પોલીસિંગને વધુ અસરકારક અને સુદઢ બનાવવા માટે એક મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. જિલ્લાના દરેક પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ દ્વારા તેમના વિસ્તારમાં આવેલા તમામ ગામોના સરપંચો સાથે તા. ૧૦/૮/૨૫, રવિવારના રોજ વિશેષ પરિસંવાદ યોજવામાં આવશે. આ પહેલનો મુખ્ય હેતુ ગામસ્તરે કાયદો–સૂકાન જાળવવામાં પોલીસ અને સ્થાનિક શાસન તંત્ર વચ્ચે સહકાર અને સુમેળ વધારવાનો છે.

આ પરિસંવાદ દરમિયાન દરેક સરપંચને પોતાના ગામની કાયદો–વ્યવસ્થા, શંકાસ્પદ પ્રવૃત્તિઓ, ગુનાખોરી પર નિયંત્રણ અને સામાજિક સદભાવ જાળવવા માટેની બાબતો અંગે માહિતી શેર કરવાની તક મળશે. ખાસ કરીને મહિલા સુરક્ષા, બાળ સુરક્ષા, ટ્રાફિક નિયમન, નશીલા પદાર્થોના પ્રસાર પર રોક તેમજ સાયબર ગુનાથી બચાવ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા થશે.

પોલીસ અધિકારીઓ આ મંચનો ઉપયોગ ‘બીટ પોલીસિંગ’ મજબૂત કરવા માટે કરશે, જેથી ગામમાં થતી નાની ઘટનાઓ અને સમસ્યાઓ પણ ઝડપથી પોલીસ સુધી પહોંચી શકે. આ પ્રકારના નિયમિત સંવાદથી પોલીસ અને ગામના પ્રતિનિધિઓ વચ્ચે વિસ અને પારદર્શિતા વધશે, જે ગુનાખોરી પર નિયંત્રણમાં મદદરૂપ બનશે.

સાથે સાથે, યુવાનોમાં જાગૃતિ લાવવા માટે વિવિધ અભિયાનો, શાળાઓ અને કોલેજોમાં માર્ગદર્શન કાર્યક્રમો, તથા નશાબંધી અંગે જનજાગૃતિ ફેલાવવા માટે પણ સંકલિત આયોજન કરવામાં આવશે. ગ્રામ્ય સ્તરે શાંતિ અને સુરક્ષા જાળવવા માટે લોકભાગીદારી અને પોલીસની હાજરી બંને સમાન મહત્વ ધરાવે છે.

અમરેલી જિલ્લામાં શરૂ થતી આ અનોખી કામગીરીથી પોલીસિંગનું માળખું વધુ મજબૂત બનશે અને ગ્રામ્ય સમાજમાં કાયદો–સૂકાન જાળવવામાં એક નવી દિશા મળશે, તેવી આશા વ્યકત કરવામાં આવી રહી છે.













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)